OPINION OF THE PRESS.

GUJARATE GULISTAN.

Mr. KAWASJEE DINSHAW Kyash, who is the author of several Gujarate works, has just published a translation in that language, of the Persian Gulistan by Shaik Sadi. The interesting stories of Sadi are narrated in a flowing style, and allusion to historical facts are illustrated by copious editorial notes. We have been presented with a copy of the work. and it appears to have been well got up. The present brochure forms the first part, compromising forty one narratives. These will be continued in subsequent publication.

Bombay Gazette, 16*th January* 1875.

THE GULISTAN IN GUZERATI.

The first instalment of a Guzerati version of Sheikh Sadi's best prose work has been sent to us for notice. The Gulistan, which enjoys a high reputation in the East as being the most esteemed of the Persian classics, is but a loose collection of moral tales adorned with verse and interlarded with copious citations from the Arabic. Mr. K. D. Kais, who has undertaken the arduous labour of presenting such a work in a Guzerati dress, must lay claim to peculiar qualifications for the due performance of his undertaking. He must not only command a profound knowledge of the Persian idiom (for the Gulistan text oftimes presents insurmountable difficulties to the most acute interpreters) but possess more than a superficial acquaintance with Arabic. In accomplishing the latter portion of this self-imposed task, the translator acknowledges having received very material aid from a native moonshee, while the former division of his labours must have been greatly facilitated by the copious annotations, which constitute the chief merit of Anderson's edition of the Gulistan. But really it is time that we should awaken our Parsee literateurs to a sense of the more pressing wants of this country in the face of which literary efforts, of which we have a sample here, ...

The Times of India, 27*th January* 1875.

ગુલશ્તાનના પેહેલા ભાગના તરજુમાપર ગુજરાતી પંતરવાલાઓએ આપેલાં મતો.

———o———

શેખશાદીનું બનાવેલું ફારશી ગુલસતાનના ગુજરાતી તરજુમાંના પેહેલા ભાગની એક નકલ હમોને તેના બનાવનાર મી० કાવશજી દીનશાહ કેઆશ તરફથી પોંહોચાવીછે તેની પોંહોચ માન સાથ અતરે કબુલ રાખીએ છઈએ. આ પુસતક જેના ૪० શફા થયાછે, તે મધે મજકુર નામીચા ઉસતાદની બનાવેલી હેકાયતો મધેથી ૪૧ હેકાયતનો તરજુમો દાખલ કરવામાં આવ્યોછે, જે ફુરસદની વખતે વાંચવા લાએકછે. આ પેહેલા ભાગની કીંમત દર નકલ દીઠે રૂપીઓ ०॥ રાખવામા આવીછે.

અખબારે શોદાગર, સમાચાર દરપણ તથા ચાબુક—તા० ૨૮ મી ડીજેમબર ૧૮૭૪.

———o———

શેખશાદીના બનાવેલા ગુલસતાનના તરજુમાંનો પેહેલો ભાગ તેના બનાવનાર મી० કાવસજી દીનશાહજી કેઆશની તરફથી હમુને મલેઓછે, તેની પોહોંચ અતરે કબુલ રાખીએ છઈએ. મી० કાવશજીએ બેહરામગોર ને બાનુ હોશંગનો હેવાલ તથા બેજન મનીજેહનુ દાસતાન આગલ પરગટ કરીયું હતું, અને હમના ગુલસતાનનો તરજુમો આપવા ઉપર તેમને ધેઆન આપીયુંછે, જે એમની કોશેશ વખાણવા લાએકછે. ગુલસતાનનો આખો તરજુમો કરતાં ઘણો વીલમ લાગે અને વળી એક મોટા ખરચલા પુસતકના ઘરાક મલવા મુસકેલ પડે માટે કટકે કટકે એ પુસતકનો તરજુમો પરગટ કરવાનો વીચાર મી० કાવશજીએ કરયોછે, અને દરએક ભાગની એટલી તો શશતી કીંમત તેમને રાખીછે કે સરવેને એ તરજુમો ખરીદવાને સવલ પડે. આટલા ઉપરથી વકી રાખવામાં આવેછેકે બાશો આમ એ અગતના પુસતકને શારો આશરો તેઓની તરફથી આપવામાં ભુલશે નહીં.

મુંબાઈના જામેજમશેદ—તા० ૩० મી ડીજેમબર ૧૮૭૪.

———o———

શેખશાદીની બનાવેલી ફારશી ગુલેશતાંન કેતાબનો તરજુમો મી० કાવશજી દીનશા કીઆશે કરવા માડયોછે, અને તેના પેહેલા ભાગની એક નકલ હમોને ભેટ મલીછે, જે માન સાથ કબુલ રાખીયેછે. . . . મી० કીઆશની આ ઉલટ શારીછે, અને તેને ફારશી ભાશાનો અભીઆસ કરનારાઓ તરફથી આશરો મલવો જોઈયેછે. જો કે આ તરજુમો કાંઈ બી ખામી વગરનો નથી, તોપણ તે કરવામાં મી० કીઆશે જે મેહેનત લીધીછે તે માન લાયકછે.

યજદાં પરસ્ત—તા० ૭ મી ફેબરવારી ૧૮૭૫.

ગુલસ્તાન.

બાબ બીજો.

દરવેશોની ખસલતમાં યાને ચાલચલનમાં.

હેકાયત ૧ લી.

બુજોરગોમાંથી એકે એક પરહેજગારને પુછ્યું કે તું ફલાના આબેદ* વિષે શું વિચારેછે, કેમકે તેને માટે લોકોએ તાનાજનીના સખ્ખુંનો કેહેયાછે. તે પરહેજગાર બોલ્યો કે હું તેની બાહેરની એબ કાંઇ જોઇ શકતો નથી તથા તેના ભિતરમાં (યાને દેલમાં) શું છુપયુંછે તે વિષે અણજાણો છેઉ.†—તું જેનેબી પરહેજગારીના લેબાસમાં જોય, તેને માટે તું જાણતો નહીં હોય કે તેના દિલમાં શું છે; તોપણ તું તેને પરહેજગાર તથા નેક મરદ જાણજે—કોટવાલને ઘરની અંદરની બાબત સાથ શું કામ હોયછે? ‡

---

*"આબેદ," ભક્ત Devotee તપ કરનાર, ખોદાતાલાની બંદગી કરનાર.

†પેલા પરહેજગારનો જવાબ અકકલ ભરેલો હતો કેમકે એક માણસના બાહેરના દેખાવપરથી કેમ વિચરાઇ શકાયકે તે ખરો સવાબી છે—કદાચ તે બાહેરથી પરહેજગારીનું દોલ કરી અંદરથી નાપેકાર હોય.

‡ કોટવાલનું કામ ગુનેહગારને પકડી કાહાડવાનુંછે, નહીં કે તે ગુનેહગારના ઘરમાં જઇ તેના ગુનાહની તપાસ કરી તેને સજા કરાવે—મતલબ એક માણસે બીજા માટે ખરૂં કે ખોટું વિચારવું હોયતો તે માત્ર તેના બાહેરના દેખાવપરથી વિચારવાનુંછે.

હેકાયત ૨ જી.

મેં એક દરવેશને મકકાની* દેવડી પર પોતાનું સર ઘસડતો તથા રોતો (યાને આજેજી કરતો) જોયો-જે આ મિસાલે બોલતો હતો-ઓ કીર્તિવાન ને દયાલુ સાહેબ જાલેમ તથા જાહેલોથી શું થાયછે તે તું જાણેછે કાંયકે તે તુંને લાયક છે.—મેં તારી જે કાંઈ એબાદત કરી તેનો બદલો હું તારી પાસ માંગતો નથી પણ તારી હજુર હું મારા ગુનાહની માફી ચાહવું છું-ગુનેહગારો પોતાના ગુનાહનો પસ્તાવો અથવા તોબા કરેછે, ખોદાને પિછાનનારાઓ પોતાની બંદગીની ખામી માટે માફી માંગેછે, ભક્તો પોતાની બંદગીનો બદલો શોધેછે; તથા વેપારીઓ પોતાના માલનો નફો ચાહેછેઃ પણ હું એક આશાવંત બંદો (હયાં) આવ્યો છું તે નહીં કે તાબેદારી બતલાવવા, કે નહીં કાંઈ માગવા; કે નહીં વેપાર સોધવા પણ ગુનાહની માફી મેલવવા આવ્યો છું. (અરેબીકઃ—"તુંને જે લાયક દિશે તે તું મારાપર બજા લાવ પણ મને મારા પાપી કર્મ માફક નીભાવતો ના.") મારૂં માથુ ને મોહોડું આ ઉંબરપર તારી હજુરમાં છે માટે તુંને જોઈયતો મને માર યાતો (પાપમાંથી) તાર. બંદો કશુ કેહેવાને લાયક નથી પણ જે તું ફરમાવે તે કરવાને તૈયાર છે.

મેં એક ફકીરને કબાના† દરવાજા પાશે જોયો જે ખુબ રોતો (યાને આજેજી કરતો) ને આમ બોલતો હતો કે—ઓ! ખોદા હું તુંને એમ કેહેવા માગતો નથી કે તું મારી બંદગી કબુલ કર પણ મારા ગુનાહપર માફીની કલમથી છેકો માર.‡

---

*"મકકા," Mecca ઇસ્લામીઓના પેગંબર મોહમદની જન્મભૂમી. એ મુલક અરેબીઆ (Arabia)ની દારો સલતનત (યાને રાજધાની) છે. હયાં એક ગંજાવર મસજેદ છે જેમાં દાખલ થઇ બંદગી કરવામાં ઈસ્લામીઓ સરસ પુનનું કામ સમજેછે—તેટલામાટે તેઓ પોતાની જીંદગીમાં એક વાર પણ તાંહાં બંદગી કરવા જાયછે—તાંહાંથી "મદીના"માં જઇ પોતાના પેગંબરની ગોર હજુર નેમાજ કરેછે તથા ફકીરોને પોતાની મોહતાજ મુઆફક દાન આપી પાછા ફરેછે. જેઓ મકકે જાઈ આવેછે તેમને "હાજી" નો ખેતાબ મલે છે.

†"કબા", પવિત્ર જગ્યા, જેમકે મસજેદ ઇત્યાદિ.

‡આપણે આ દુન્યામાં શું સારી કે માઠી કરણીના કામો કરીએ છૈય તેનો સઘલો હિસાબ ખોદાતાલાની દરગાહ હજુર દફતરમાં નોંધાય છે, તેમાંથી પેલો ફકીર પોતે કરેલા ગુનાહને કાહાડી નાખવા અરજ કરેછે.

હેકાયત ૩ જી.

———o———

શેખ અબદુલ કાદિર ગેલાનીને (જેનાપર ખોદાની દુઆ સલામ હોજો) મેં કઅબાની પાક જગ્યાના કાંકરા (યાને પથર) પર પોતાનું મોહોડું મેલી એમ બોલતો સાંભળ્યો કે ઓ ખોદાવંદ તું મારો ગુનાહ માફ કર પણ જો હું તેથી સજાને લાયક હોવું તો તું મને રૂઝેકેયામતને* દાહાડે અંધ્ધ સજીવન કરજે કે જેથી હું નેક લોકની હજુરમાં શરમીનદા ઉભો નહીં થાઉં— હર બામદાદે ઓજરખાહીનું સર ખાકપર મેલી જે કાંઈ તારે માટે યાદ આવે તે બોલું છું—તું ને હું કથુ ભુલી ગયો નથી પણ કોઈ વોર તુંને તારા બંદા વિષે કાંઈ યાદ આવેછે?

———o———

હેકાયત ૪ થી.

——o——

એક ચોર એક તપેસરીના ઘરમાં ઘુસયો ને ઘણુંખી (ચોરવાનું) સોધયું પણ કાંઈ મલયું નહીં જેથી તે ગમગીન થઈ પાછો ફરયો. તેની ખબર પેલા તપેસરીને પડવાથી—જે કામલપર તે પોતે સુતો હતો તે લઈ, જે રસ્તેથી તે ચોર જાતો હતો ત્યાં નાખી; કે જેથી તે નાસેપાસ થઈ નહીં જાય.—મેં સાંભલયું છે કે જેઓ ખરેખરા ખોદાઈ રાહપર ચાલનારા છે તેઓએ કથુ દુશમનોના વતીક દેલો રંજીદા કરયા નથી. —તું આવો મરતબો કયાંરે મેલવશે કેમકે તુંને ખુદ તારા દોસતો સાથ જંગ છે? ભલા માણસોનો (જે ખરો) પ્યારછે તે શું હજુરમાં કે શું પીઠ પાછલ એક સરખોછે, નહીં કે બીજાઓ (બદગુઓ) ની મિસાલ પીઠ પાછલ બદગુ કરે ને મોહોડાપર મરી પીતે—જયારે તે તેના (યાને બદગુ પોતાના દોસતની) નજદીક હોયછે ત્યાંરે બકરાની મીસાલે (ગરીબ) દેખાયછે પણ તેની ગેરહાજરીમાં (તેને વિષે) માણસ ખાનારા વરૂ જેવા

---

*"રૂઝેકેયમત", રસતાખેજ, અથવા સેવટનો દાહાડો. (The day of resurrection and Judgement) એ દાહાડે સર્વે મરણ પામેલાઓ સજીવન થાશે તે વેળા તેઓની કરણીનો ઇનસાફ થાશે, પછી જેવી જેની કરણી તેવો તેને સારો કે માડો બદલો મલશે.

બની રેહેછે.*—હર કોઇ તારી આગલ બીજાની એબ કાહાડે તો તું ચોકસ જાણજે કે તારી એબ તે બીજાઓ આગલ જરૂર કાહાડશે.†

—o—

હેકાયત ૫ મી.

કેટલાએક મુસાફરો એક બીજા સાથ મલી મુસાફરી કરનારા તથા એક બીજાના દુઃખ સુખમાં ભાગ લેનારા હતા, તેઓની સાથ મેં જોડાવાને ખાહેશ કરી તે તેઓએ નાકબુલ રાખી; જેપરથી હું બોલ્યો કે બુજોરગોની આવી બક્ષિશ ભરેલી ચાલ નાલાયકછે: કેમકે ગરીબોથી પોતાનું મોહોડું ફેરવવું તથા તેઓને પોતાના ફાયદાથી દુર રાખવા. હું પોતાના જાતી ખવાસથી એટલું તો કઉઅત તથા કુદરત ધરાઉછું કે તેઓની ખિદમતમાં (યાને દોસ્તીમાં) એક બોજા સરખો થઇ પડનાર નથી પણ એક ચાલાક દોસ્ત થઇ રેહેવશ.‡ (અરેબીકઃ—"જોકે હું કોઇબી જાનવરપર સવાર નથી તોપણ તમારો બોજો લેઇજવાને તજવીજ કરશ.") તેઓમાથી એકે મને કહ્યું કે તું એ જે સખુંનો સાંભલયા તેથી તારા દેલને રંજીદા નો કરતો, કેમકે થોડા દાહાડાપર એક ચોર દરવેશના દેખાવમાં આવી હમારી ટોળીમાં દાખલ થયો હતો.—માણસ શું જાણે છે કે ધર્મી લેબાસમાં કોણ છુપયું છે,

---

* આ લખાણ ચાપલુસીખોરો તથા બદગુને લાગું પડેછે, કેમકે તેઓ પોતાના દોસતોની હજુરમાં તેઓના મોહોડાપર મીઠું બોલી તેમની વખાણ કરેછે તથા તેઓની પીઠપાછલ તેઓની મોટી નાલેશી કરેછે— "સખુન ચીન મોરદ બેહ", ચીપતખોર મુવેલો ભલો—

† હરકોઇ શખ્સ આપણી પાશ આવી કોઇ તરાહેત શખ્સ વિષે તરેહવાર નાલેશી ભરેલું બોલે તથા તેની ખોટી એબ કાહાડે તે વેળા સાંભલનારાઓએ પોતે વિચારવું કે આવો બદ બોલનાર શખ્સ આપણી એબ બીજા આગલ કાહાડે માટે તેવા શખ્સની વાતપર ધ્યાન આપવાથી પરહેજ રેહેવું. અસલ ફારસી મીસરો યાદ રાખવા જોગ જાણી નીચે ઉતાર્યો છે:—

"હરકે અએબે દિગરાન પીશે તો આવરદ વ શુમોર્દ",
"બીગુમાન અએબે તો પીશે દિગરાન બાહદ બોરદ".

‡શેખ સાઅદી પોતે કેહેછે કે હું બીજા દોસ્તો માઆફક કશાંકામનો થઇ પડનાર નથી, પણ દોસ્તો સાથ તેઓની રીતભાત તથા કામકાજમાં એક સરખો રફીક થઇ રેહેવશ.

(પરહેજગાર કે ગુનેહગાર) વાંચનાર માત્ર જાણે છે કે કાગજમાં શુ લખેલું હોય છે.* દરવેશનો લેબાસ સલામતી ભરેલો હોવાને લીધે તેઓએ મારે માટે કશું બી બુરૂ ગુમાન ન કરતાં મને પોતાની દોસ્તીમાં મશગૂલ કરયો-પરહેજગાર શખ્સનો બાહેરનો દેખાવ તેનો જાદો પોશાગછે જે દુન્યાને ઠગવાને બસ છે+ તું તારા અમલમાં કોશિશ કરી તારી ધારણામાં આવે તે તું પેહેર, જોઇયેતો માથે તાજ મેલ યાતો ખાંધપર વાવટો મેલી લડાયક થા. જાદો પોશાગ પેહેરવાથી કાંઇ ભક્ત થવાતું નથી, પણ ખરો ભકત થઇ જોઇયતો રેશમી (પોશાગ) પેહેર તેમાં કાંઇ અડચણ નથી.‡ જાદો લેબાસ પેહેરવાથી પવિત્રાઇ ગણાતી નથી પણ દુન્યાની સર્વે લોભ લાલચ તજવાથી ખરી પવિત્રાઇ ગણાયછે, "કજઆકંદેહ§"ના બખ્તરમાં દેલાવર મરદ છાજે છે, હીજરાને$ જંગી હથિઆર શું કામ આવે?

એક દાહાડો હમોએ અંધારૂ થાય ત્યાંસુધી મુસાફરી કરી ને રાતની વેળા એક કિલ્લાની નીચે જાઇ સુતા, તેવામાં એકાએક એક બુરી ધારણા ભરેલો ચોર હાજતે જવાને મશે પોતાના એક દોસ્તદારનો પાણીનો લોટો લેઇ લુટ કરવા જાતો

---

*નહીં વાંચી જાણનાર કાંઇ લખેલું વાંચી શકતો નથી તેમજ એક શખ્સ બીજા હરકોઇની ચાલચલન વિષે અણજાણો હોયતો, તે તેને પિછાની શકતો નથી કે તે નાપાક યા પાક છે.

+કેટલાએકો દુન્યાની લોભલાલચમાં લપેતાઇ રેહેવાથી ભુખમરામાં આવી પડેછે, તે વેળા થીંગરાંનો પોશાગ પેહેરી દરવેશના દેખાવથી લોકોને ઠગી લોકો પાશથી પોતાની હાજત જોગુ મેલવી પોતાની ઇચ્છા પુરી પાડેછે. એવી ઠગાઇ કરનારા સાધુના પોશાગમાં ધુતારા જાણવા.

‡ થીંગરાનો લેબાસ પેહેરી લોકોને ઠગે તેકરતાં ખરી પવિત્રાઇ ધરાવી રેશમી પોશાગ પેહેરે તો તે વધારે લાયક ગણાયછે.

§"કજઆકંદેહ," કજ, કાચુ અથવા ખભરાયલું રેશમ, "આકંદેહ," ભરેલુ. કાચા અથવા ખભરાયલા એક જાતના રેશમી બખ્તરનુ નામછે, કે જે લડાઇની વેળા પેહેરયું હોયતો તેનાપર તરવારનો જખમ લાગતો નથી. A quilted garment. રૂ ભરી શિવેલો પોશાગ.

$ "હીજરો," Hermophrodite નાહિમતવાન; હીચકારો કેવી રીતે લડાઇના હથિઆરો લેઇ લડાઇ કરી શકવાનો?

રહ્યો—તે થીંગરાનો પોશાગ પેહેરેલા પરહેજગારને જુવો કે જેણે કઅબાના લિબાસને ઘધેડાની ઝુલ કરી *—જેવો તે દરવેશોની નજર આગલથી દુર થયો તેવોજ તે, કિલ્લામાં ભરાઇ એક દાબડો ચોરી દાહાડો ઉગે તેટલામાં તે ખરાબ નિષ્ટાનો ચોર પોતાના બેગુહના દોસ્તોને જહાંનાતાંહાં સુતેલા રાખી પોતે કાંઈ લાંબી મંજલપર નિકલી ગયો. સહવાર પડતાંમાંજ હમોને કિલ્લામાં લઇજઈ બંદીઆંને કેદ કર્યા, તે દાહાડેથી હમોએ એવી તરક બાંધી કે પોતાની ટોળીમાં (હવે પછી) કોઈનેબી દાખલ કરવો નહીં પણ એકાંતમાં પોતાની જીંદગી ગુજારવી. (અરેબીકઃ—"એકાંતવાસમાં સાંતપણું છે.")—કોઇબી કોમનો એક શખ્સ ખરાબી ભરેલું કામ કરતો તેથી હલકા ને ઉંચા (લોકો) વચે તફાવત રેહેતો નથી—તેં જોયું નથી કે એક જંગલની ગાય ગામડાની બધી ગાયોને અપવિત્ર કરેછે? † હું બોલ્યો કે તે દબદળામંદ ને કિર્તિવાન સાહેબના શોકર હો જોકે હું (હાલ) તેઓની મંડલીથી દુર છેઉ, તોપણ જે ફાયદા ધર્મી લોકો હાંસલ કરેછે તેથી ગરજવન રહ્યો નથી. આ વાત (બનાવ) પરથી મેં જે ઢદો મેલવયો તે હમારા જેવા બીજાઓ ને બાકીના દાહાડામાં કામે લાગે—મંડલીમાં એક ખરાબ ચાલનુ માણસ

---

* હયા પેલા (દરવેશ) ચોરને માટે કેહેછે કે જેણે પરહેજગારીનો પોશાગ પેહેરયો હતો, જે પોશાગ કઅબાની પવિત્ર બતાવેછે, તે પોશાગને તેણે ઘધેડાની ઝુલ જેવો હલકા કરયો યાને પવિત્રાઇ બતાવનારા પોશાગને નરસ લગાડયું.

† જેમકે હરકોઈ કોમનો એક શખ્સ કાંઇબી ઉલટું કામ કરેતો તેને લીધે તેનો આખો ટોળો પારકાં લોકોની નજરમાં ધિક્કાર ભરેલો ગણાયછેઃ તેમજ જો એક જંગલની ગાય વાવેલા ખેતરોમાં આવી ખેતરોને ખરાબ કરેતો તેને લીધે ગામડીઆઓ ચોંકેલા રેહી બીજી બધી ગાયપર પોતાનો કોફ રાખેછે. યાને તેમને લાકડીથી મારી હાંકી કાહાડેછે. ટુંકમાં એકને લીધે બીજા બધા બદનામ થાયછે. અથવા "એકનુ પાપ શાને નરે."

હોયતો તેથી કરી મંડલીમાંના ઘણાકોના દેલ રંજીદા થાયછે.* ગોલાબના પાણીથી હોજ ભરેલી હોય ને જો તેમાં (ભોગ ચોગદીએ) કુતર૩ પડેતો તે પાણી ગદલુ યાને ખરાબ થાયછે.

હેકાયત ૬ થી.

એક ભક્ત પાદશાહનો મેહેમાન હતો. જયારે ખાવા બેઠો ત્યારે તેણે પોતાના રાખેતા કરતાં કમી ખાધુ, તથા નેમાજ કરવા ઉઠયો ત્યારે હમેશ કરતાં વધારે કરવા લાગયો; કે જેથી તે પવિત્રાઇ વધારે ધરાવેછે એવું તેના હકમાં ઉંચુ મત બેશે—અએ અરબ મને ભય લાગેછે કે તું કઅબા તરફ આવી નહીં-પોહોંચશે, કેમકે જે રસ્તે તું જાયછે તે રસ્તો તુરકસ્તાન જવાનોછે—† જયાંરે તે પોતાના ઘરમાં આવયો ત્યારે સફરો માગી જમવા ચાહયુ. તેને એક અક્કલમંદ ને હોશિયાર છોકરો હતો તે બોલ્યો કે અએ પદર તું પાદશાહને તાંહાં મેજબાનીમાં ગયો તાંહાં શું તુંએ કાંઈ ખાધુ નહીં? બાપે જવાબ આપયો કે પાદશાહની હજુરમાં મારી મતલબ જાલવવા ખાતર મેં પેટ ભરી ખાધુ નહીં. (તે સાંભલી) છોકરો બોલ્યો કે એમજછે તો તું તારી નેમાજપણ ફરીથી કર, કારણકે તુંએ કાંઇ કરયું નથી કે તારી મતબને બર આવે.‡ અએ મરદ તું તારા હુંનરોને હાથની હથેલીમાં

---

* આજે ઘણીએક મંડલીઓમાં કોઇ કોઈ એવા ચીબાવલા ને આડી ચાલના શખ્સો હોયછે કે જેઓ પોતાની મજાક મેલવવા ખાતર કોઈ રીતનુ ખરાબ બોલી બીજા સારી ચાલના શખ્સોના દેલને દુઃખવેછે. ઘણાકો દલગીર થાય તે કરતાં તેવો એક ચીબાવલો ને બદ જબાંની મજલસમાં નહીં હોયલો ભલો.

"એકી નાતરાસીદેહ દર મજલસી",
"બેરંજદ દેલે હુશમંદાન બસી".

† "તુરકસ્તાન", એક મુલકનુ નામછે.

‡ પેલા ભકતે જે રસ્તો ધરયો હતો તે સવાબી નહીં હતો પણ પાપી હતો, કેમકે તેણે પાદશાહને ઠગવા ખાતર કમી ખાધુ તથા વધારે નેમાજ કરી; બાકી પોતે વધારે નેમાજ કરનાર હતો નહીં એવું માલમ પડેછે—એવી ઠગવિદ્યાથી તે ભકતના નામને જેબ લાગવાને બદલે એબ લાગેછે.

બતાવેછે, ને તું તારી પોતાની એબને બગલ નીચે છુપાવેછે. * — અએ મગરૂર તું તારા પરતા વખતના ("સીમે દગલ") જાખાં પડેલા સીક્કાથી શું ખરીદવાની આશા રાખેછે ? †

——o——

હેકાયત ૭ મી.

હું મારી બચગીમાં ઘણી બંદગી કરતો હતો એવું મને યાદછે, કેમકે હું રાતની વેળા વખતસર ઉઠી મારી બંદગી બજાલાવતો હતો. એક રાતે હું મારા પદરની હજુરમાં બેશી એક પલવારબી આંખ વીચયા વગર પવિત્ર કોરાન ‡ વાંચતો હતો, ને મારી આશપાશના બીજા લોકો સુતેલા હતા તે જોઇ મેં મારા બાપને કહ્યું કે એઓમાંથો કોઇબી જાગરૂત દિશતો નથી કે થોડી બંદગી કરે પણ એઓ એવાતો સુતેલાછે કે ગોયા મરણ પાંમેલા હોય એમ માલમ પડેછે. તે સાંભલી બાપ બોલયો કે અએ બાપના જાન (યાને બેટા) તું માણસોની એબ શોધવા પડયો તે કરતાં તું પણ એવોની મિસાલે સુતેલો હતેતો બેહેતર થાતે— મગરૂર પોતા સિવાય બીજા કોઇને ગણકારતો નથી, કેમકે તેણી આંખ આગલ એયાલી પરદો ફરી વલેલો હોયછે. § જેણે ખોદાતાલાને પિછાનવાની બખશિશ થઇ હોય તે હરગીઝ બીજા કોઇને પોતા કરતાં નબલો જોઇ શકતો નથી $

---

* માણસ પોતાની સારી કારકીદી લોકોને બતાવવા મેદાન પડેછે, પણ પોતે ખરાબી ભરેલી એબના વમલમાં દુબેલો હોયછે.

† "(સીમે દગલ") "સીમ", રૂપું, સુન્નુ અથવા સિક્કો, "દગલ", ફાલો, યા ઘસાયલો યા પાપી યા જાંબો સિક્કો—અથવા એબ ભરેલો—દગાખોર. યાને મગરૂર ચાલતા વખતમાં મગરૂરીથી ફાવી, એબમાં ગીરફતાર રેહેછે, પણ જયારે તેનો પરતો વખત આવે તેવેળા તેની એબ તેને કોઇબી ચીજ ખરીદવાને શકિતવાન કરતી નથી.

‡ "કોરાન," ઇસ્લામીઓનુ ધર્મ પુસ્તક.

§ મગરૂર શખ્સ તકોબરીના ધુવાથી એવુંજ સમજેછે કે તેના સરખો બીજો કોઈ નથી, ને તે જે કાંઇ કરેછે તે જો કે ભુલ ભરેલુબી હોય તોએપણ તે તેને સરસ ગણેછે—પછી તેનું પરીનામ ખરાબીમાં ઉતરેચ ત્યારે પસતાવો કરેછે. મગરૂરનું સેવટ ખરાબી વગર બીજુ કાંઇ નથી.

$ જેકોઇ ખોદાતાલાની ખરી રાહને અકલથી પિછાની શકેછે તે કબુ'ની મગરૂરી કરતો નથી, પણ પોતે બીજાઓ કરતા શ્રેષ્ટ હોવા છતાંબી પોતાને સહુથી હલકો ગણેછે.

હેકાયત ૮ મી.

એક મજલસમાં એક મોટા માણસની વખાણ કરી, તેના સારા કામની સ્તુતી ગાતા હતા. (તે વેળા) તે ધણી પોતાનુ સર ઉંચું કરી બોલ્યોકે, તમારા કરતાં હું પોતાંને સારી રીતે જાણું છું કે હું પોતે કેવો છેઉ. (અરેબીકઃ—" તમો મારા બાહેરના દેખાવપરથી મારા કામને સારા ગણોછો, પણ મારા ભિતરમાં શું છે, તે વિષે તમો નાવાકેફ છો.") માણસોની નજર માં મારો બાહેરનો દેખાવ એક સારા આકારમાં દિસેછે, પણ હું પોતે મારી છુપી બદીને લીધે શરમાઇ મારૂં સર નીચું કરૂં છું *—માણસો મોર-નેં† તેના સુંદર પીચ્છા માટે વખાણેછે, પણ તે પોતે પોતાના કાળા પગને લીધે શરમાવછે.

---o---

હેકાયત ૯ મી.

"લીબનશ"‡ પાહાડપર રેહેનાર એક ભકતની પવિત્રાઈ તથા કર મતો આખા અરેબીઆમાં§ મશહુર હતી. તે (શખ્સ) દમાસકસની મોટી મસજેદમાં (નેમાજ કરવા) આવયો, અને હોજના કીનારાપર બેશી પાદીઆબ$ કરતો હતો, તેવામાં તેનો પગ લપસી જવાથી તે હોજમાં

---

* માણસ પોતાના દેલમાં શુ ગુણ શું કે અવગુણ રાખતો હોય તે પોતેજ જાણેછે. જેમકે "દલનો ગહવા દેલ."

† "મોર", એક રંગબેરંગીન તથા સુંદર પિચ્છાવાલું પક્ષીછે, મગર એબમાં તેના પગો કાળાછે, જેથી તે પોતાના દેલના સંગારથી ખુશી થઇ, પગની એબથી રોએછે. જેમ કેહેવતછે કે "મોર નાચી નાચી પગ જાણી જુવેછે". એ મિસાલે હરકોઈ માણસનો પણ હાલ જાણવો, કે જે પોતા-ના ચઢતા વખતમાં અનેક તરેહનો દોર ચલાવી આખેરસ દલગીરાઈનું પરીનામ જુવેછે.

‡" લિબનસ", એ પાહાડ અરેબીઆમાં આવેલોછે—Mount Libanus situated in Arabia.

§"અરેબીઆ", Arabia એ મુલક એશીઆ ખંડમાં આવેલોછે, એની દારોસલતનત મક્કાછે. (Mecca.)

$"પાદીઆબ,"—નેમાજ, કે બંદગી કરવાની આગમચ હાથપગ ધોઈ પાક કરવા. એ રેવાજ જરથોસ્તી તથા ઇસ્લામીઓ વચે કદીમ વખતથી આજ વુલીગ ચાલુછે. એ રેવાજ ખરેખરો પાવત્રાઈ માટે ઘણો મોતેબરછે.

તુંટી પડયો, જેમાંથી તે મોટી મુશકેલીથી બાહેર નીકલયો. જયારે નેમાજ પુરી થઈ, ત્યાંરે નેમાજ કરનારાઓમાંથી એક તેને કહ્યું, કે મને આ બાબત મુશકેલ લાગેછે, તે જો તું મને પુછવાની રજા આપે તો જણાંઉં. તે પરહેજગારે પુછયું કે તે શુંછે? તે બોલયો કે મને યાદછેકે, તુંએ "દરીઆએ મગરેબ"* પસાર કરયો, તે વેળા તારા કદમ પાણીમાં ભિજાયા ન હતા, પણ આજે એક માણસના કદ જેટલા પાણીમાં તુંને નજદીક ડુબી જવામાં કાંઈ બાકી હતું નહીં તેનુ કારણ શું?

પેલા ભકતે વિચાર કરવા પોતાનું સર નીચું કીધું, ને ઘણે વારે પાછું ઉંચું કરી બોલયોકે—તેં નથી સાંભલયું કે, દુન્યાને રાહબતાવનાર "મોસતફાએ"† (જેનાપર ખોદાતાલાના દુવા સલામ હોજો)શું ફરમાવેલુંછે—? (અરેબીકઃ—"એક વેળા પરવરદેગારે મને એટલીબધી શકિત બખશી હતી કે, તેટલી પોતાની હજુરના ફીરેસતાઓને તથા ખોદાતાલા તરફથી આવેલા પેગંમ્બરોને બખશી નહી હતી, તે ઉપરાંત તેને (મોહમદે) એમ હમેશા રેહેવાનો દાવો કરયો હતો નહીં.") તે કોઈ વાર "જેબ્રઈલ"‡ અને "મીકાઈલ",§ સાથ પોતાનો વેહેવાર રાખતો હતો, ને કોઈવાર "હફજેહ" અને "ઝેનબ"$ સાથ વેહેવાર રાખતો હતો. (અરેબીકઃ—"પવિત્ર માણસના વિચારો કોઈબી બાબતને શું જાહેર કે શું ગુપતમાં રાખવાનાછે. તે જાહેર થાયચ, ને છુપાયચ. કોઇવાર તું તારો ચેહેરો છુપાવી તારી કિંમત જીઆદા કરી, હમારી આતુરતા વધારેછે. જયારે તુંને આડે આવતો બંધ જોયુછું ત્યારે મને એમ ભાંસેછે કે હું જાણે મારો રસ્તો ભુલી ગયોછું.") બળતાને તે રોશન કરી પાણી છાંટી બુજાવેછે, તે મિસાલે તું મને કોઇવાર મારા કામની ભભુકમાં જોશે, ને કોઇવાર પાણીમાં બોરાયલો જોશે.

---

*"દરીઆએ મગરેબ," The Western Ocean or Sea of Africa.

†"મોસતફા," સાફ—પાક—ખાલિસ—બેગુમાન. હયાં મોસતફા, તે મોહમદ પેગંમ્બર વિષે જાણવું.

‡"જેબ્રઈલ," Gabriel, સરોસ યઝદ ફીરેસતાનુ નામછે.

§"મીકાઈલ," Michael, બહમન અમસાસપંદ ફીરેસતાનું નામછે.

$"હફજેહ," અને "ઝેનબ," એ બંન ઓરતોના નામોછે.

એકે પુછ્યું તેને, જેને ખોયું હતું ફરજંદ,
કે અએ નેક બુનીઆદના જઈફ અકકલમંદ.
મેસરના કુરતાંનો તુંએ આવ્યો હતો વાસ,
કાંય તુંએ "કનાનના" કુવામાં ન કરી તલાસ? *

તેણે જવાબ આપ્યો કે હમારો હાલ વીજલી મિસાલછે, કે જે

* એ લખાણ વિષે એક લંબાણ કીશો ઇસ્લામીઓમાં મશહુરછે, તેનો ટુંક સાર નીચે મુજબછે. યાકુબ નામનો એક પેગંમ્બર થઈ ગયોછે જેને પેટે બધા મલી ૧૨ છોકરા હતા. જેમાંનો એક યુસોફ નામનો ઘણો ખુબસુરત તથા બહુ ચાલાક હતો, તેપર તેના બાપનો પ્યાર તેના બીજા ભાઇ કરતાં જીઆદા હોવાને લીધે, તેઓએ તેનાપર છુપી રીતે અદેખાઇ રાખી, તેને જાનથી બેજાન કરવાનો કસદ કરયો. એક દાહાડે તે હસદખોરાઓ પોતાના બાપની હજુર જઈ જણાવ્યું કે હમો મેજબાંની કરવા જઈય છઈય, માટે યુસોફને પણ હમારી સાથ મોકલવો. તેઓની અરજ કબુલ કરી, યુસોફને તેમને સોંપયો. તેઓએ તેને દગાથી "કનાન" નામના એક ઉજડ જંગલના એક ઉંડા કુવામાં નાખી ઘર તરફ પાછા ફરી, બાપને જણાવ્યું કે યુસોફને વાગવરએ ફારી ખાધોછે. તે સાંભલી યાકુબ એટલોતો રોયો કે અપંગ થઇ ગયો. બનાવ એવો બનયો કે તે કુવા પાશેથી એક મુસાફર પસાર થતાં તેની નજર તેનાપર પડી, તેવોજ તેને કુવામાંથી બાહેર કાહાડી, મેસર શેહેરમાં લઇ જઇ તાંહાંના પાદશાહને તાંહાં તેને વેચયો. કેટલીએક મુદત પછી તે પાદશાહ મરણ પાંમયો, તેની ગાદી તેને મલી. થોડાક વર્ષ પછી શું મેસરમાં કે શુ "કનાન" તરફના શેહેરોમાં એવોતો દુઃકાલ આલયો કે, હજારો લોકો ભુખમરાથી મરવા લાગયા, તે જોઇ પેલો પાદશાહ સઉને પૈસા આપી પોતાને તાંહાં વેચાતાં લેતો ગયો, તેમાં ભાગ ચોઘડીએ તેના ૧૧ ભાઇઓ પણ વેચાતા મલયા. તેઓને તેને પિછાનયા પણ પોતે તેઓથી પિછાનાયો નહીં તે ભાઇઓ પાશે તેને થોડાએક મંન ઘઉં પોતાના બાપના મુલકમાં મોકલીયા, તેમાં તેણે પોતાના બાપના વખતનુ જુનું કુરતું છુપી રીતે મોકલયું. તેઓ તે ઘઉં લેઈ પોતાના બાપની હજુરમાં ગયા, તેવોજ તેના નાખમાં પેલા કુરતાંનો વાસ આવયો કે, તરત જોતો થયો, ને જાણયું કે યુસોફ મરણ પાંમયો નથી પણ પાદશાહ થયોછે. છેવ્લો બાપ બેટા વચ્ચે મુલાકાત થઇ ને ખુશાલ થયા હતા.

એક પલમાં પેદા થાયછે, અને એક પલમાં બુજાઇ જાયછે. કોઈવાર હમો ચોથા આસમાનપર બેસયચ, અને કોઈવાર હમો હમારા પગની એડી જોઇ શકતા નથી.—* જો દરવેશને એકજ હાલતમાં રેહેવાનુ હતે તો, તે બંન્ને દુન્યાની આશાથી પોતાના હાથો ધોઈ બેશતે. †

———o———

હેકાયત ૧૦ મી.

"બલબકની" ‡ મોટી મસજેદમાં હું શિખામણ તરીકે કેટલાએક શબ્દો વાઅજના આકારમાં એક ટોળાની હજુરમાં કહી સંભલાવતો હતો; તેઓના દેલ (કસીબી રીતની અસર નહીં ધરે એવી રીતના) કચવાએલા અથવા સખ્ત તથા તુંટેલા હતા. તેઓને આ દુન્યાના રસ્તાર્થી પેલી દુન્યાનો રસ્તો સમજાવો મુશકેલ દિસયો. મને માલમ પડ્યું કે જે કાંઇ હું કહ્યુંછું, તેની તેઓપર કસીબી અસર થાતી નથી, તથા મારી પવિત્રન સખુનની ગરમી, તેઓના સરદ લાકડાંને (યાને જીગરને) ગરમ કરી શકી નહીં. જેને લીધે ઢોર સરખાઓને તરબીઅત આપવાથી તથા અપંગો વચે આરસી ધરવાથી હું કંટાલી ગયો, § તોએપણ મેં મારૂં બોલવાનુ કામ જારી રાખી—તકરાર વચે આ નીચલી "કોરાનમાં" આવેલી બેત કહી સંભલાવી. (અરેબીક:—"આપણે તેની ધોલી નેશ યાને નજદિકના ફીરેસતા કરતાંબી નજદિક છેઇય.") હું, મારા સખુંનોને લંબાવેલા રાખી

* કોઇવાર હમારી અગાહી, વિચાર, તથા ઉપદેશ એટલાતો મોતેબર હોયછે, કે જાણે હમો ફીરેસતા બની આસમાનપર બેશતા હોઇય તેમ માલમ પડેછે, અને કોઈવારતો હમો પોતાને વિષે પુરતું જાણતા નથી કે હમારૂં ઘડી પછી શું થાશે.

† ફકીરોને એક ઉમેદછે કે જ્યારે મરણ પાંમીશું તે વેળા જરૂર બેહેસ્ત મલશે, તે ઉમેદ જો તેઓને હોય નહીંતો તેઓ એમજ સમજે કે આ ને પેલી દુન્યા બંન્ને એકસરખી ગરીબાઇ તથા તવંગરી રાખનારીછે, તો બેશક તેઓ કોઈબી ચીજપર એતબાર ધરાવી શકે નહીં.

‡ "બલબક," એક મસજેદનુ નામછે.

§ "ઢોર," હયાં પેલા અજ્ઞાન માણસોને જાણવા—તથા "આરસી," તે નેક રસ્તો જણાવો. યાને અજ્ઞાનીઓ કોઈબી રીતે સમજાવેલું સમજતા નથી, જેથી અજ્ઞાનીઓ અપંગ સરખાછે, જેઓ આરસીમાં જોઇ શકતાં નથી યાને પાક રસ્તો જાણવાથી બેખબરછે.

બોલયો કે, મારા કરતાં મારો દોસ્ત મારી નજદિકછે, પણ આ અજબછે કે હું તેનાથી વેગલો છેઉં.* હું શું કરૂં ને કોણે કહ્યું, કે તે મારી બગલમાંછે ને હું તેનાથી દુર છેઉં—હું તે તકરારના પુર જોશમાં રહી, તે બાબત ખતમ કરવા આવ્યો, એટલામાં એક રાહદારી તે મજલસ આગલથી પસાર થતો હતો, તેનામાં (યાને તેના દેલમાં) મારા આપેરીના સખુંનની અસર થઇ, જેથી તેણે મોટેથી બાંગ મારી, તે જોઇ બીજાઓ તેની મુઆફક પોકારવા લાગયા, તેમજ મજલસમા બેઠેલા અસાનોપણ ખુશીના જોશમાં આવી ગયા. તે જોઇ હું બોલયો કે ઓ પાક પરવરદેગાર, જેઓ તુંથી દુરછે, તેઓ તુંને પિછાનેછે, પણ જેઓ નજદિકમાંછે, તેઓ તુંને જાણવાને અણજાણ્યા તથા દુરછે.—જ્યારે સાંભલનારા પુરતી રીતે તકરાર સમજી નહીં શકે, ત્યારે ભાષણ કર્તાની બુદ્ધિની અસરની કાંઇબી આશા રાખવી નહી. તુંને ભાષણ સાંભલવાની ખાહેશ હોયતો તેનુ મેદાન ખોહલું કર, કે જેમાં ભાષણ કર્તા પોતાના સખુંનની દડી ઘુમાવે.†

—o—

હેકાયત ૧૧ મી.

મક્કાના‡ જંગલમાં એક રાતે મને એટલીતો ઊંઘ ચઠી, કે જેથી મારામાં આગલ ચાલવાની તાકાત રહી નહીં; ત્યારે હું જમીનપર સુતો, તે વેળા મેં ઉંટના સારવાનને કહ્યું કે મને ખાબમાંથી બિદાર કરતો ના.—જ્યારે

---

* ખોદાતાલા અથવા પેગાંમ્બર આપણી હજુરમાંછે, પણ આપણે તેઓએ ફરમાવેલા કાયદાથી દુર રહીય છઇય, એ કેવું અજાએબ જેવુંછે! ખોદાનો માર્ગ સોધવામાં ફાયદોછે.

† હરકોઈ ભાષણ યા વાત કરનારનું બોલવું સાંભલવાને ખરી આપણે આતુરતા, બતાવ્ય તોજ તે ભાષણ કરનાર યા વાત કરનાર આપુણે વધારે સારી રીતે સમજાવી શકેછે, માટે હરકોઇ કાંઇ કહે તે ધ્યાન દઇ સાંભળવું, તોજ તેની ખરી ખુબી માલમ પડેછે.

‡ "મક્કા," જુવો નોટ સફે ૫૦.

ઉંટ* સરખું બોજો લેઇ જવાથી થાકી જાયછે, ત્યારે ગરીબ માણસના પગ કાંહાંવેર ચાલી શકે? ચાલવાથી ફરેબ માણસનુ પેટ દુબલું થાયછે, ને દુબલું થયલું માણસ થાકથી મરણ પાંમેછે,–તે સારવાને મને કહ્યું કે આ ભાઇ મક્કા હવે નજદિકમાં આવ્યુંછે, ને ચોર લુટારૂં પછવાડે ભમેછે, માટે જો તું મક્કેજઈ પુગશેતો જીવશે, અગર સુઇ રેહેશેતો માર્યો જાશે. મુસાફરી કરતી વેળા રાતની વખતે બાવળના† ઝાડ તળિએ વિશાંમા લેવો ખુશ લાગેછે, પણ જાણવું જોઇય કે તે જીંદગી ખોવા બરોબરછે.‡

———o———

હેકાયત ૧૨ મા.

મેં એક પરહેજગારને દરીએ કીનારે જોયો, કે જેને ચિત્તાએ જખમ કરેલો હતો, તે કોઇપણ દવાથી રૂજ આવતો નહીં હતો. તેની પીડામાં તે લાંબી મુદત સુધી પડેલો હતો, તોપણ તે પલપલ ખોદાના સોકરાના બજા લાવતો હતો. તેપરથી તેને પુછવામાં આવ્યું, કે તુંને સોકરાના કરવાનો શો સબબ છે? તે બોલયો કે સોકરાના તે સાહેબનાછે કે, હું મારા પાપને લીધે નહી, પણ મારા હીન ભાયગને લીધે આવી પીડા બમુછું. અગર તે પ્યારો રફીક મને જબે કરવાની જગાપર નેમ, તે વેળા તું મને જોશે નહીં કે મને મારા જાનનો ગમછે, પણ હું આટલું તો બોલશ, કે તારા બંદાએ શું ગુનાહ કર્યોછે, કે જેનાપર તુંએ તારૂં દેલ ખફા ભરકું કરયુંછે? એ વિચાર માત્ર મારા દુઃખનું કારણછે.

---

* "ઉંટ," જેમ દરીઆમાં વાહાણ વડે મુસાફરી કરવામા આવેછે, તેમ રેતાલ જંગલોમાં ઉંટ વડે મુસાફરી કરી શકાયછે. ઉંટ ઘણી લાંબી મંજલ કાપવા છતાં થાકતું નથી, પણ જયારે તે સરખુ ધાંકે તારે માણસ શું ચાલવાની ગણતરીમાં ગણાય.

† "બાવળનુ ઝાડ," Acacia-tree. એ ઝાડનો છાંયો બીજા ઝાડો કરતાં વધારે પંથરાયલો હોયછે, જેને લીધે સુર્જનો તાપ તેમાંથી પડતો નથી.

‡ જંગલમાં રાતની વેળા સુવું તે ગોયા મધ મેલવવાની આશા રાખી મધમાખોના દંખથી અણજાણા રેહેવા બરોબરછે, કેમકે જંગલમાં ફાડી ખાનારાં જાનવરો, જેવાંકે વાઘ, વરૂં ઇત્યાદિ તથા ચોર લુટારૂં પુષ્કળ હોયછે, જેથી નચીંતથી સુવાની આગમચ વિચારવું જોઇયે કે, જો ગફલતમાં રેહેશુંતો કદાચ ખુનખાર જાનવરો શેકાર કરી જાશે, યાતો ચોર લુટારૂં માલમત્તા લુંટી જાશે.

હેકાયત ૧૩ મી.

એક દરવેશને કસી રીતની અગત પડવાને લીધે પોતાના દોસ્તદારના ઘરમાંથી એક કામલ ચોરી. (જેથી) હાકમે તેના હાથો કાપી નાખવાને ફરમાવ્યું,* તે સાંભલી કામલનો ધણી વચે પડી કેહેવા લાગ્યો કે, હું એને માફ કરૂંછું. હાકમ બોલ્યો કે તારી ભલામણથી હું એને કાયદા ભરેલી સજામાંથી છોડું નહીં. (તે ધણી) બોલયો કે તું એ કહ્યું તે ખરૂંછે, પણ જે કાંઈ ધર્મને લગતો માલછે, તે માલમાંથી (જેઓ તંગીમાં આવેલા) ચોરી કરે તો, તેના હાથો કાપવા ઘટારત નથી, કેમકે જે કાંઇ ફકીરો માટે છે, તે મોટા લોકોનો ધર્મ કરવાનો (ખજાનો)છે. અથવા જે કાંઇ દરવેશોને લગતું છે, તે મોટા માણસોનો ધર્મ ખાતાંનો માલછે. (તેની વાત સાંભલી હાકમે તે ચોરને માફી આપી—ઠપકો દેવા લાગ્યો, કે જો તું એ એવા ભલા દોસ્તદારના ઘરમાંથી ચોરી કરી નહીં હતે તો, તારાપર જહાન તંગ થઇ રેહેલી હતી. તે (ચોર) બોલયો કે અએ ખોદાવંદ, દાનાવોએ શું કહ્યું છે તે તુએ સાંભલયુંછે?—તારે જોઇય તો દોસ્તનુ ઘર વારી નાખ, પણ દુશમનના ઘરનુ બારણુ વતીક ઠોકતો ના†—જ્યારે તું કસી વાતની અગતમાં આવી પડે, ત્યારે તું તારી મેલે આજેજ અથવા નાઉમેદ નો થાતો, પણ તારા દોસ્તદારના દેલની બંદી તથા દુશમનના દેલનુ ચામડુ કાહાડ‡ (અથવા કાહાડી લેજે.)

---

* હાથ કાપવાની રીત ઇરાન તરફના મુલકોમાં ચાલતી હતી, તે એ પ્રમાણે કે, કોઇ ચોર પેહેલીવાર ધરાય તો તેને શિખામણ દેઇ છોડી દેય, બીજીવાર તેના હાથ કાપે, ને તીજીવાર તેનો જાન દુર કરવાની સજા કરે. (એ વિષે શાકમંદ છેઇય.)

† દોસ્તના ઘરમાંથી કાંઇ લીધુ હોય, તે છતાંબી તે જાન જાતી વેળા કોઇવાર બચાવી લેયછે, પણ જો દુશમનના ઘરમાંથી કાંઈ લીધામાં આવ્યુ હોય યા નહીબી હોય તોબી તે જાન લેવરાવાને રાજી રહેછે.

‡ જ્યારે આપણા પર આવી પડે ત્યારે આપણે આપણી મેલે હ લાકી ભોગવી નહીં, પણ આપણી હાજત દોસ્તની હજુર જાહેર કરવી તથ તેનાથી હાજત જોગુ મેલવી, ખરાબી જોવા બેઠેલા દુશમંનના દેલને રંજીદા કરવા. યાને પરતા વખતમાં દુશમંની ચડતી થાયછે, તે દોસ્તોની ખરી મદદ લેઇ તોરવી લાયકછે.

હેકાયત ૧૪ મી.

એક પાદશાહે એક પરહેજગારને પુછયું કે તું મને કોઈવાર યાદ કરેછે? તેણે જવાબ આપયો કે હા, જયારે હું ખોદાતાલાને ભુલી જાઉછું ત્યારે તુંને યાદ કરૂંછું.—ખોદાતાલાએ જેને પોતાના દરવાજા પાશેથી દુર કરયો હોયચ, તે સર્વેથી દુર થાયછે, પણ જેને તે ચાહેછે, તેને કોઈના દરવાજા પાશે જવાની અગત પડતી નથી.*

હેકાયત ૧૫ મી.

બુજોરગોમાંથી એકે ખોઆબમાં એક પાદશાહને બેહેસ્તમાં અને એક ભકતને દોજખમાં જોયા, જેપરથી તેણે પુછયું કે એકનો મરતબો આવો મોટો થયો ને બીજાનો હલકો થયો તેનો સબબ શું? કેમકે એથી ઉલટુંજ લોકોના માનવામાં આવેછે. તેને જવાબ આપવામાં આવ્યો કે, પાદશાહ દરવેશોની સાથ દોસ્તી યા મેહેરબાની રાખી, તેના બદલામાં બેહેસ્તમાં ગયો યાને બેહેસ્ત પાંમ્યો, તથા ભકત પાદશાહઓની સોબતમાં રેહયાથી દોજખમાં ગયો.† તુંને (યાને ફકીરને કહેછે) તારો જાદો તથા થિંગરાનો પોશાગ તથા તસ્બી‡ શું કામે આવનારછે?

---

* જે કોઈ ખોદાતાલાથી ધિકકારાયો તે બેશક બીજા બધાથી ધિકકરાયો એમ જાણવો, કેમકે તે પેદા કરનાર પીતા પોતાના ફરજંદને જો નહી ચાહેતો, પછી બીજા લોકો તેને કેવી રીતે ચાહે તે દેખઈતુંછે. પણ જેપર તેની મેહેરબાની હોયછે તે હરગીઝ થઈ કોઇથી હાજતમંદ રેહેતો નથી.

† લોકો એવી રીતે માનેછે કે, પાદશાહ મોજ શોખમાં રહી અપવિત્ર કામો કરેછે, જેથી આખેરએ તે દોજખમાં જવો જોઇય, તથા ભકત એકાંત બેશી ખોદાતાલાની બંદગી કરેછે, તેના બદલામાં તેને બેહેસ્ત મલવું જોઈય, પણ ભકત પાદશાહ સાથ આમેજ રહી પોતાના હવશની લાગણી પુરી પાડવાને લીધી તે દોજખમાં ગયો, ને પાદશાહ પરહેજગારો સાથ મલી પરહેજગાર થવાથી બેહેસ્તમાં ગયો.

‡ "તસ્બી," Rosary તપમાલા.

પણ તું તારી મેલે ખરાબી ભરેલા કામથી દુર રેહે. તુંને પાંદડાંની ટોપી પેહેરવાની કાંઇ જરૂર નથી, પણ તું ખરી ખાશીઅતનો દરવેશ બની તારે ગમેતો તારતરી * કોલાહ પેહેર તેમાં કશી વાતની અડચણ નથી.

---o---

હેકાયત ૧૬ મી.

ખોરે માથેનો તથા ઉગારે પગનો એક મુસાફર (અથવા ચલકુચ કરનાર) કુફે† તરફથી આવી, મકકે જનારી વંજારમાં હમો સાથ મલી ગયો, જેને હું ઓલખતો ન હતો. તે ખુશાલ ચાલતો ને આમ બોલતો હતો કે—હું કોઇબી ઉંટપર સ્વાર નથી કે નહીં (ઘધેડુ) ખચર‡ મિસાલે બોજામાં (દબાયલો) નથી. કોઇ ચાકરનો હું સાહેબ નથી, તેમજ કોઇ પાદશાહનો ગોલામ પણ નથી. ગુજરેલા ને હાલના વખત સાથ મને કશુ લાગતું વલગતું નથી. હું મારો દમ આશુદેથી ખેંચી અથવા લેઇ મારી જીંદગી સુખમાં ગુજારૂંછું. એક ઉંટપર સ્વાર થયલાએ તેને પુછયું કે, ઓ દરવેશ તું કાંહાં જાયછે? પાછો ફર, નહીંતો કે રખડથી મારયો જશે.

તેપર પેલા દરવેશે કાંઇ ધ્યાન આપ્યું નહીં, મગર બીઆબાનમાં કુચ કરી, મુસાફરી કરવા લાગ્યો. જ્યારે હમો "નખલે બની મહમુદ"§ નામની જગ્યાપર આવી લાગ્યા, ત્યારે પેલા તવંગરની (ઉંટપરના સ્વારની) અજલ આવી લાગી, તે વેળા પેલો દરવેશ તેના તકીઆ પાશે આવી

---

* હરકોઇ દરવેશ પોતાની ખોટી રીતે પવિત્રાઇ બતાવા હલકી જાતની ટોપી પેહેરે, તે કરતાં તે પોતે ખરો પરહેજગાર રહી, તારતર શેહેરની અમારી ટોપી પેહેરે તો તેમાં કશી વાતની અડચણ નથી.

† "કુફે," એક જગ્યાનું નામછે.

‡ "ખચર," ઘોડાના દેખાવ સરખું એક જાનવર. એ ચાલમાં ખરતલછે, કેમકે લાંબી મંજલ કરવા છતાં તે થાકતું નથી, તથા તે પોતાની પીઠપર ભારે બોજો ઉઠાવી શકેછે. એમ કેહેવામાં આવ્યુંછે કે "ખચરની પેદાએશ ઘોડો ઘધેડીના સંજોગથી થઇછે."

§ "નખલે બની મહમુદ," એક જગાનુ નામછે. હયાં ખજુરીના ઝાડોનો એક માડવ ઘણો દેલકશછે, જેથી મકકે હજ કરનારાઓ મુસાફરી કરતી વેળા રસ્તામાં તેની નીચે આશાએશ લેયછે.

કેહેવા લાગ્યો કે, હું સુસ્તીથી મરણ પામ્યો નહીં. પણ ઉંટપર સ્વાર હોવા છતાં મરણ પાંમ્યો.*—એક શખ્સ સારી રાત એક બિમારની નજદિક ખુબ રોયો. જેથી સહવાર પડતાં તે રોનાર મરણ પાંમ્યો, ને તે બિમાર જીવતો રેહયો. † અએ દોસ્ત ઘણાએક તેજ ચાલના ઘોડાઓ મંજલ કાંપતાં બેજાન થયાછે, મગર લંગડા ઘધેડાઓ આસતે આસતે મંજલે જાઇ પુગાછે. ઘણાએક તંદરોસતો મરણ પામી ખાકમાં ગયાછે, મગર જખમ ખાધેલાઓ હજુર એમના એમછે, યાને જીવતાછે. ‡

હેકાયત ૧૭ મી.

એક પાદશાહે એક પરહેજગારને પોતાને તાંહાં આવવાનું નોતરૂં કરયું. આબેદે વિચારયું કે દવા ખાઇ દુબલો દેખાઉં, કે જેથી પાદશાહ મારા હકમાં

---

* ઘણા ઉતાવલે ચાલવાથી, શું ઘોડા, કે શું માણસ થાકી અધવચમાં મરણ પાંમેછે, પણ આસતે ચાલનારૂં ઘધેડું અથવા ધીરજવાલું માણસ આસતે આસતે ચાલી પોતાની મંજલે જાઇ પુગેછે. કોઇપણ કામમાં ઉતાવલ કરવા કરતાં ધીરજ રાખવી સારીછે. "Haste make waste." ઉતાવલથી કામ બીગડેછે, ને ધીરજથી સુધરેછે.

† હયાં રોનાર શખ્સનો મુકાબલો મીણબતી સાથ કરેલો જોવામાં આવેછે. જયારે માણસ રોએછે ત્યારે આંખમાંથી પાણીના ટીપાં પડેછે, તે મિસાલે મીણબતી તવાઇ તેમાંથી ટીપાં પડેછે. "બીમાર જીવેચ, ને રોનાર મરેચ," એટલેકે મીણબતી કોઇ બીમારના બિછાના પાસ બાળવામાં આવેછે, તો તે બલી છેલ્લે અંતે ખપી જાયછે, મગર પેલો બીમારતો જેવોને તેવો રેહેછે—"He compared the rich man (who told derwish to return) to a candle which drop by drop, (e. i. like one weeping execissively) seems to exhaust itself, whilst a sick person reclines on his bed; but in the morning, cfflicted one is still alive when the candle is burnt out or dead."

‡ તંદરોસતે, એમ નહી વિચારવું કે નાતવાન, દુબલો, અથવા જખ્પ જલદી મરી જાશે, પણ તેઓની આગમજ તંદરોસ્ત પેહેલો મરી જાયછે, માટે તંદરોસતોએ પોતાની તંદરોસતી યા તવંગરી માટે પેલા ઉંટપર સ્વાર થયલાની મિસાલે હેંકાર કરવો નહીં.

ઊંચું ગુમાન લેઇ જાય. એવું કેહેવાયલું છે કે તે પરહેજગારે દવા ખાધી, જે કાતેલ જેહેર હતું, જેથી તે મરણ પાંમ્યો.—જે મને પગતાંના મગજ જેવો માલમ પડયો તે નકરો કાંદા મિઆલે પર ઉપર પર વલેલો નીકલ્યો * પરહેજગાર પોતાનું મોહોડું લોકો તરફ રાખેછે, ને કબ્બા તરફ પીઠ ફેરવી નેમાજ કરેછે.† બંદો જો ખોદાતાલાને પિછાનતો હોય તો તેને લાજમછે કે ખોદા વગર બીજા કોઇને પિછાને નહીં.

હેકાયત ૧૮ મી.

યુનાનના‡ મુલકમાં ચોરોએ એક વંજારપર દરોડો પાડી ઘણોએક ખજાનો લુંટી લેઇ નાઠા, જેથી વેપારીઓ માહેતમપોશી કરી, ખોદા

---

* માંણસ યાને પેલો પરહેજગાર પગતાં જેવો વિચરાઇ શકાયો, પણ જ્યારે તેને ઓલખ્યો ત્યારે તે કાંદા પેરે પર ઊપર પર થયલો માલમ પડયો યાને એબ ભરેલો અથવા ઠગારો દિસયો.

† ધિંગરાંનો પોશાક પેહેરનારા દુન્યાની લાભ લાલચમાં મશગુલ રેહેછે, ને પોતે જાણે પાકીજે ધરાવતો હોય તેમ પોતાનો દેખાવ કરેછે. અથવા માણસ પોતે પોતાના અંતકરણથી પાપી રેહી, બીજાઓની હજુરમાં સવાબી દેખાવાની તજવીજ કરેછે. જેમ સાધુના પોશાકમાં ધુતારો.

‡ "યુનાન," ગ્રીશ Greece. એ મુલક યુરોપ ખંડની દક્ષીણે આવેલોછે જેની રાજધાની (Capital) એથન્સ Athens છે. એ મુલક પ્રાચીનકાળમાં દુન્યાની સપાટીપર જાહોજલાલી ભરેલો તથા જોરાવર હતો. એ મુલકની ઇમારતો જો કે હાલ નાશ પાંમીછે, તોએપણ અસલની મોટાઇ ને દબદબો બતાવેછે. તે ઇમારતોના નકશ પ્રમાણે આજે સુધરેલા ને હકુમતદાર શેહેરોમાં મોહેલો તથા બીજી ઇમારતો બાંધવામાં આવેછે. તવારીખમાં જણાવેલી એમાં પેહેલ વેહેલી મોટી લડાઇ એક "હેલન" (Helen) નામની અતી ખુબસુરત ઓરતને ચોરી લેઇ જવાથી થઇ હતી. એ લડાઇનું બયાન "હોમર" નામના કવિએ પોતાની "ઇલીઅડ" નામની ચોપડીમાં વીસ્તારેલુંછે. તે પછી મોટી લડાઇઓ ગ્રીક લોકોને ઇરાનના શાહ દરાએશ સાથ કરવી પડી હતી, જેમાં તવારીખ લખનારાના કહેવા પ્રમાંણે, ગ્રીક લોકો જીત્યા હતા. સીકંદર Alexender the great એ દેશનો રાજા હતો, જેને "દારા"પર ફતેહ મેલવી ઇરાન જીતી લીધું હતું. આજે એ મુલક પડતી હાલતમાં છે.

તથા પેગંમ્બરની ખાતર સોધવા લાગ્યા (યાને તેઓની હજુર ફર્યાદ ગુજારી) પણ તે સઘલું વગર ફાયદાનુ હતું.—અગર માહેતમ યાતો ફર્યાદ કરવાથી શું ચોર ચોરેલો ખજાંનો પાછો લાવી આપનારછે ? જયારે બુરી નિષ્તાનો ચોર ચોરી કરી નાશી ગયો, તેને વંજારીઓના રોવાથી શું ગંમ આવનારછે? બનાવ એવો બન્યો કે, તે વંજારમાં લુકમાન હકીમ* પણ હતો, તેને વંજારીઓમાંથી એક જને કહ્યું કે તું થોડાએક હીકમત ભરેલા તથા શિખામણના સખુંનો તેઓને (યાને ચોરોને) કેહે કે, ચોરેલા માલમાંથી અરધો હીશો હમોને પાછો લાવી આપે, કારણકે આટલીબધી દોલત ગુમાવતાં હમોને ઘણીજ દલગીરી લાગેછે.

લુકમાને જવાબ આપ્યો કે, તેઓને ઉપદેશ કરી શમજાવવું નકામુંછે, કેમકે કાત ખાધેલુ લોખંડ ઘસવાથી સફાઇદાર થઇ શકતુ નથી. જેઓના દેલ તુંટેલાછે તેઓને શિખામણ દેવાથી શું ફાયદો થાય, કારણકે લોખંડનો ખીલો પથરમાં પેવશ થઇ શકતો નથી.†—તારા સારા વખતમાં જે કોઇ નાચાર હોય તેને મદદ કરજે, કે જેથી તું તારાં પોતાના સંકટને દુર કરી શકશે. એક ગરીબ ફકીર તારી પાશ રોઇને યાને આજેજી કરી કાંઇ ચીજ માંગે તે તું તેને આપ, અગર નહીંતો કે જુલમગાર તારી પાશેથી જોર જુલમથી શઘલું લુંટી લેશે.‡

હેકાયત ૧૯ મી.

મને ધર્મ સંબંધી કેળવણી આપનાર શેખ શમસુદીન અબદુલ ફરજ જોજેન જેએ (જેનાપર ખોદાની મેહેરબાની હોજો) મને ગાયન મંડલીથી

---

*"લુકમાન," એક કાબેલ યુનાનની હકીમનું તથા ફીલસુફનું નામછે. "એ દાનાવ હકીમ હજરત દાઉદ પેગંમ્બરના વખ્તમાં થઇ ગયો છે. એ, એલમ તથા હીકમત સામ શેહેરમાં શિખ્યો હતો, તથા તેની કબર પણ સામ શેહેરમાંજછે. એની પાશે માલ ખજાનો પુષ્કલ હતો, જેમાંથી ખેરખેરાતં કરતો હતો. એને ઘણીએક નશીઅતો જોડેલીછે."

† એને મલતી ગુજરાતીમાં કેહેવતછે કે "પથરપર પાણી રીજે પણ ખુંજે નહીં."

‡ કોઇ નાચાર આપણી પાશ આવી કાકલુદી કરી કાંઇ ચીજ માંગે, તે તેને આપવી લાયકછે, નહીંતો કે તેની હાયથી તેનો માલ ચોરાઇ લુંટાઇ યાતો બલી ભશ્મ થાશે, કેમકે એક હાય હજારો દુઆ કરતાં નબેતરછે.

દુર રેહેવાને ફરમાવેલું હતું, તથા એકાંત બેશવા તથા લોકોથી દુર રેહેવાને ઇસારત કરી હતી; પણ મારાપર મારી જવાંનીનો જોશ ગાલેબ હોવાને લીધે, મોજ શોખની ચીજોની ઇચ્છા થવાના સબબથી નાચાર થઇ, તે મારા મુરબ્બીની ફરમાવેલી રાહથી ઉલટો ચાલી, તેવી થોડીક ચીજો હાંસલ કરવા બાહેર પડયો અને દરવેશ લોકોની ટોલીમાં તથા ગાયન મંડલીમાં મશગુલ થયો. મને જયારે મારા શેખની શિખામણ યાદ આવતી ત્યારે હું આમ બોલતો હતોઃ—જો કદાચ કાજીબી હમારી ટોળીમાં સામેલ હોયતો, તે પણ ખુશીથી પોતાનાં હાથો એકએકપર મસલે.* અગરજો કોટવાલ પોતે દારૂ પીએતો, દારૂથી મસ્ત થયલાને તે છોડી દેયછે. એક રાતે હું કેટલાએક લોકોની મંડલીમાં જઈ લાગો, તેઓની વચે મેં એક ગવૈયાને જોયો, જેનો શોહોર તેના ગલાની નેશ તોરી નાખતો હોય તેવો હતો તથા તેનો અવાજ કોઇ પોતાના પદરના મરણપર જારી કરે તેના કરતાંબી નાખુશ હતો.† કોઇવાર સાંભલનારાઓ તેના અવાજને લીધે કાનમાં આંગલી રાખતા, ને કોઇવાર હોઠપર આંગલી કરી ગાયન બંધ પાડવાને તેને ઇસારત કરતા હતા. (અરેબીકઃ—"મધુર અવાજથી જીગર ખુશાલ થાયછે, પણ એ ગાનાર તારા સરખો ગાનાર ખામોશ રહે તોજ ખુશી મલે.") કોઇપણ તારા ગાયનથી ખુશી મેલવતું નથી, પણ જો તું હયાંથી જાય, તે વેળા તારો અવાજ બંધ પડે, ત્યારેજ ખુશી (સઉને) મલે. જયારે તે ગાનારે પોતાનું ગાવાનું સરૂ કરયું ત્યારે મેં ઘરના ધણીને કહ્યું કે, ખોદાને ખાતર તું બારણું ખોલ કે હું જાતો રહું, યા નહીંતો કે મારા કાનમાં પારો‡ રેડ કે જેથી હું એનું ગાયન સાંભલી શકુ નહીં. મારાપર તાંહાંથી ન જવાને માટે દોસ્તોનું દબાન થવાને લીધે

---

* "કાજી" ઇસ્લામીઓનો ધર્મ ગુરૂ જાણવો. કાજી પાક રહી મોજ સોખથી દુર રહેછે, પણ જો તે રંગ રાગમાં આમેજ થાયતો, તે તેનો સ્વાદ લીધા વગર બકાત રેહે નહી, કેમકે રંગ રાગ બધાને ભાવેછે.

† તેનો સાંધ કઠોર તથા માહેતમ ભરેલો હતો. તેના ગલાની નેશનો મુકાબલો તંબુરાની દોરી (String) સાથ કરેલોછે, તે તેને ખુબ ખેંચતો હતો કે જાણે હમના તુંટી જાય તેમ હતી.

‡ "પારો," Quicksilver પારો કાનમાં રેડવાથી કાન બેહેરો થાયછે, ને કાંઇ સંભલાતું નથી.

મેં તેઓની ખાતરદારી રાખી તેઓના કેહેવા પ્રમાણે ચોબયો, ને જેમ તેમ કરી આખી રાતને સહવાર કરી.—રાતનો કેટલો વખત ગુજરી ગયો તે જાણ્યા વગર કવખતે "મોઅઝેજ઼ંને" * નેમાજ કરવાની બાંગ મારી. રાતની લંબાઇ વિષે મારી આંખના પાંપણ અથવા પોપચાંને પુછો કેમકે એક પલવારબી મારી આંખ બાબમાં પડી હતી નહીં. + સહવારે મેં મારા સરપરથી પાઘડી ઉતારી તથા કમ્મરથી દીનાર ‡ છોડી ગવૈયાને બક્ષિસ તરીકે આપયા, અને તેને બગલમાં લેઇ મેં તેનો ઘણો ઉપકાર માન્યો. મારા દોસ્તદારો તેની તરફ આવું બેફાયદા ભરેલું કામ થયલું જોઈ, મારી બુધ્ધીને કોતા સમજ્યા અને તેઓ પોતપોતામાં હસવા લાગ્યા. તેઓમાથી એકે મારા આવા કામની સામે થવાને પોતાની જબાં લંબાવી, અને મને ઠપકો દેઈ કેહવા લાગ્યો કે, આ બાબતમા તું એ દાનાવોની રીત પ્રમાણે કર્યું નથી. કેમકે તું એ તારો ધર્માતું પોશાકનો થોડોએકભાગ આવા એક ગાનારને આપવો, કે જેની આખી જીંદગીમાં એક દરમ § હાથની હથેલીમાં જોયો નથી, તેમજ ઢોલની અંદર એક સુન્નાની કગરસ પણ જોઈ નથી.—આવો ગાનાર તે હવેલીમાંથી એકવાર જવા પછી કેઇએ તેને બીજીવાર તેજ હવેલીમાં પાછો જોયો નહીં હશે. તેનો ગાવાનો અવાજ બાહેર નિકલ્યો કે બચીત માણસના બદનના બાલો ઉભા થયા વગર રહે નહીં. ચલીઓ (અથવા ચલીઆં) તેના અવાજની ભયથી હવેલી છોડી ગયા. તે ફોકતમાં ઘાંતો કાહાડી હમારૂં ભેજું ખાઇ ગયો, યાને હમોને ઘેલા દેવાના કરી નાખ્યા.

હું બોલયો કે મારૂં કરવું વાજબી છે, માટે તારી તાણાં મારતી જબાં બંધ કર, કારણ કે મને એની કરામત માલમ પડીછે. તે બોલ્યો કે હમોને પણ તે હકીકતથી વાકેફ કર, કે હમો પણ તારી સાથ એકમલતા થઇએ, ને

---

* "મોઅઝેજન," મસજેદમાં બાંગ મારનાર અથવા નેમાજ કરવાના વખતની ચેતવણી આપનાર.

+ ઉજાગરાથી તેની આંખોના તોપચાં ચઢી આવેલાં હતા.

‡ "દીનાર", એક સુન્નાના સિક્કાનુ નામછે, જેની કિંમત આશરે રૂ ૪।। ની થાયછે.

§ "દરમ", એ પણ એક સિક્કો છે જેની કિંમત બે રૂપીયાં જેટલીછે.

હમોએ જે કાંઇ તારી મસએરી કરીછે તેની માફી ચાહીએ. હું તે કેહવાને કબુલ થઇ બોલ્યો કે, મને મારા ધર્મબોધ દેનાર શેખે વારંવાર ફરમાવયું હતું કે, ગાયન મંડલીથી દુર રેહેવું તથા મને બાજી ઘણી શિખામણ દીધી હતી, તેપર મેં મુતલગ ધયાન આપવું નહીં હતું, તે કાહા સુધી કે આજ રાતે મારા નેક ભાયગે ને મુબારક બખતે આ ઘરમાં મારી હવે પછીની ખરાબી નહીં થાય તેની રાહ બતાવીછે, કેમકે મેં આવા ગાનારથી (તોબા કરી) સોગંદ લીધાછે, કે હવે પછી હું મારી બાકીની ઉમરમાં કોઇબી ગાયન યા હરકોઇ મંડલીમાં સામિલ નહીં થાઉં. મોહોડું, ગલુ ને લબમાથી નીકલતો માશુકના મધુર અવાજ સાથ જંતર ચાલતું હોય યા નહીં હોય તોપણ તે દેલને છીનવી લેયછે પણ અમાક, બોરાશાંન, અને અરાકનો ગાયની સરોદ, ખરાબ ગાનારાના વાસલીમાંથી નીકલે તો કંટાલો ઉપજાવે તેવોછે.

હેકાયત ૨૦ મી.

લુકમાન હકીમને પુછવામાં આવ્યું કે, તું અદબ કોણથી શિખ્યો. તેણે જવાબ આપ્યો કે બેઅદબોથી (શિખ્યો છું.) ફરીથી તેને પુછવામાં આવ્યું કે તે કેવી રીતે? તેણે જવાબ આપયો કે, જે કાંઇ ખરાબ ચાલ મેં બેઅદબોમાં જોઇ તેપર ચાલવાથી પરહેજ રહયો.—જો કદાચને રમતમાંબી એક હરફ બોલાયો હોયતો તેમાંથી અકકલમંદ શિખામણ હાશલ કરેછે, મગર એક નાદાન આગલ એકશો બાબ હેકમતના વાંચ્યા હોયતો તે તેના કાનને રમત સરખા લાગેછે. *

હેકાયત ૨૧ મી.

એક આબેદ વિષે કેહેવામાં આવયુ છે કે તેણે એક રાતે દશ મન † ખોરાક ખાધો, જે સહવાર પડતાંમાં પોતાની ભકતી તદન ખલાસ કરી શ-

---

* જેઓ ખરા દાનાવ મરદો છે, તેઓ હર બાબતમાં કાંઇ ને કાંઇ ગ્નાન મેલવેછે, પણએક નાદાન આગલ ગ્નાનની હજારો વાતો કરયે તોબી તે તેમાંથી એક રતીભાર શિખામણ મેલવતો નથી.

† "મન", આ જગ્યે રતલ (Pound) જાણવા, કેમકે એક માણસ દશ મન ખોરાક ખાઇ શકતો નથી અને દશ પોંડ યા રતલ ખોરાક ખાનાર ખુલીઆ જેવો હોયછે.

ક્તે. તે સાંભલી એક બુઝોરગ માણસ બોલયો કે જો તે અરધી લોટલી ખાઈ શુતે તો તે ગનીમત ગણાતે.–પેટને ખોરાકથી ખાલી રાખ કે તેની મારફતથી તું ખુદરતી ગ્યાનની રોશની પિછાણી શકશે પણ તું તે ડાહાપણથી ખાલીછે, કેમકે તું એ નાખના દાંડા વેર ખાધેલું છે યાને એધી મિસાલે ખાધેલું છે. *

હેકાયત ૨૨ મી.

ખોદાઈ રાહથી ઉલતો ચાલનારા (એક શખ્સ) ની રાહમાં ખોદાની મેહેરબાંનીનો ચરાગ પાછો પ્રકાશવા લાગ્યો, જેથી તે ધર્માતુ માણસોના ટોળામાં દાખલ થયો, અને તેઓના કદમની બરકતથી તથા તેમના જીવના દુઆથી તેના ખરાબ કામો સારા કામમાં ફેરવાઈ ગયા, અને તે લાભ લાલચની ઇચ્છા કરવાથી પરહેજ રેહયો, તોપણ તેના હકમાં તાંણા મારનારાઓની જબાન લંબાયલી રહી, કે તે હજુ સુધી પોતાની આગલી રીત ભાતને આધીન છે, અને પોતાની ભકતીને માટે પુરતો આતુર નથી.

તું તોબા કરવાથી ખોદાતાલાના ગુસ્સાથી છુટકારો પામશે, પણ તું લોકોની જબાનથી હરગીજ છુટનાર નથી + જયારે લોકોની જબાનથી નિકલતા તાંણાજાંણીના જોશભરેલા સખુંનો તે બરદાસ નહીં કરી શકયો ત્યારે તેની ફર્યાદ પોતાના નઇપ ધર્મ ઉપદેશ કરનારને કહી. તે શેખ રોયો ને બોલયો કે, તું આ મેહેરબાનીને કેવી રીતે પુરતી અગીકારી શકશે, કા-

---

* ખાઈ પી તંદરોસ્ત બનેલો પોતાના ખાવેલા ખોરાકને પાચણ કરવાની યુકતી કરે, તે હરગીજ થઈ ખુદરતી ગ્યાન જાણવાને શકિતવાન થાતો નથી, પણ જે કોઈ પોતાની ખરી ભુખ કરતાં એક બે નવાલા કમતી ખાયછે. તે ખુદરતી તેમજ બીજી સારી બાબતોપર ધ્યાન આપવાને પુરતો શકિતવાન થાયછે.

+ ખોદાતાલા આપણી તોબાતોજેશ જોઈ આપણો ગુનાહ માફ કરેછે, પણ માણસો તેમ કરતા નથી, મગર આપણ વિષે તરેહપસંદ બોલવું જારી રાખે છે, તેમાં કોઈ સારૂં ને કોઈ માઠું બોલેછે. એ લખાણનો અસલ ફારશી મીસરો આ મુઆફીક છે:–

"બેઓજરે તોબેહ તવાન્ રસતન્ અઝ્ અજાબે ખોદા,"

"વલીકન્ નમીતવાન અઝ જબાંને મરદૂમ રસ્ત" .

રણકે તેઓ જેવા તુંને ધારેછે તે કરતા તું વધારે બેહેતર છે. તું એ વિષે કાંહાં લગીન બોલયા કરશે, કેમકે પાપી મનના ને હસદખોરાઓ મારી એબ જોય છે જેથી શું હું કંગાલ છેઉં ? અગરજો તેઓ તારૂં ખુન રેરવા ઉભા રેહે યાતો કોઈવાર તારેમાટે બુરૂ વિચારવા બેશે, તોબી તું પોતે નેક થઇ રેહે, કેમકે તું ખરાબ રેહે ને લોકો તુંને સારો કેહે તે કરતાં તું પોતે સારો રેહે ને લોકો તુંને ખરાબ કેહે ને વધારે સારૂં છે. આ કેવુ અજબ સરખુ છે કે, લોકો મારી પવિત્રાઇ માટે ઘણું ઉંચું મત ધારાવેછે, પણ હું પોતેજ અપુરણ પવિત્રાઇ ધરાઉ છું.—લોકો જેમ મને ફરમાવે તેમ જો હું ચાલુ તો બચીત એક પવિત્ર તથા નેકીવાન માણસ ગણાઉ. (અરેબાકઃ—"હું મારા પડોશીની હજુર આગલથી મારા કામને છુપાવી શકશ, પણ રબ મારૂં સઘલું જાહેર કે શું છુપું કામ જાણેછે.") હું માણસોની નજર આગલથી દરવાજો બંધ કરી શકશ, કે તેઓ મારી એબ જુવે નહીં, પણ બારણું બંધ કરવામાં શું ફાયદોછે, કારણકે તે મોટો સાહેબ શું જાહેર કે શું ગુપ્ત છે, તે સર્વે જાણે છે.*

---o---

હેકાયત ૨૩ મી.

મેં એક માનવંતા શેખની હજુરમાં ફર્યાદ ગુજારી કે ફલાંના શખ્સે મારાપર ખરાબ માજ સોબ કરવાનું ખોટું તોહોમત મેલયુંછે. તે શેખે તેને જવાબ આપ્યો કે, તું તારી નેકીથી તેને શરમીંદા કર.†—તું તારી ચાલ નેકી ભરેલી રાખ, કે જેથી બુરૂ બોલનારાઓ પાશ તારે માટે કાંઈ બુરૂં બોલવાને વખત રેહે નહી‡—જયારે સારંગીમાંથી બરોબર

---

* આપણે લોકોથી છુપી રીતે કાંઈબી કામો કરીય છઇય કે તેઓ આપણું કામ જાણે નહી પણ ખોદાતાલા જાહેર તેમજ છુપું સર્વેનું કામ જાણેછે. ત્યારે આપણ બંદાઓને લાયકછે કે સારા કામ વગર બીજુ કાંઈ બી કરવું નહીં.

† તું તેવું ખરાબ કામ કરતો નથી એવું તારી ખરી પાકીજેથી પુરવાર કરી, તેને એવો નીચો પાડ કે, તે ફરીથી તારે માટે તેવું ખોટુ બોલે નહીં.

‡ જો આપુણે કોઈબી માણસના ખરાબ સખુનો સાંભલવાની ખાહેશ નહી હોયતો આપુણે લાજમ છે કે, એવી રીતે નેકી ને પાકીજેથી ચાલવું કે, તે બુરૂ બોલનારા પાશ આપણે માટે જરા બુરૂ બોલવાને કારણ રહે નહી, કેમકે બુરૂ બોલનારાઓ તશુનો ગજ કરેછે.

અવાજ નીકળવાનુ સરૂ થાયછે, તેવેળા ગવૈયાથી તેનો અવાજ સુધારવાને તેની ખુંટી (કાન) મરડી કેમ શકાય અથવા શકાતો નથી.*

હેકાયત ૨૪ મી.

દમાસકસ શેહેરના શેખોમાંથી એકને પુછવામાં આવયું કે સુફ્રી † લોકોની જાતની હાલત કેવી રીતની છે? તેણે જવાબ આપયો કે તે લોકો અગાઉ દુન્યામાં માઠી હાલતમાં હતા, તોએપણ ખરેખરા સંતોષકારક હતા, મગર હાલમાં તેઓ એક કોમ તરીકે જાહેર થઇ સુખી દીશેછે, પણ બાતેનમાં દુ:ખી છે.—જ્યારે તારૂં દેલ એક જગેથી બીજી જગે દર કલાકે દોરતુ છે તો તું કદાપી એકાંતવાસમાં ધરવ મેલવી સકશે નહી. તારી પાશ માલ ખજાનો, વાવેલા ખેતરો, અને વેપારની જનસો હોય, તોપી જો તારૂં દેલ ખોદાપર હોય તો તું એકાંતછે.‡

---

*"ખુંટી," (Peg) તંબુરાની દોરી અથવા તાર (String) જેનાપર બાંધવામાં આવેછે તે. એ ખુંટીનો મુકાબલો કાન સાથ કરેલો છે. જેમકે કોઇ એક બાલક વાંક કરેછે તો, તેવેળા આપણે તેને શિખામણ દેવા તરીકે તેનો કાંન ચીમતીય છઇય, કે જેથી તે પોતાનો આડો રસ્તો છોડી દેય— તેમજ સારંગીનો તાર તાત કરવા માટે ખુંટીઓ મરડવામાં આવેછે કે જેથી બોખરો અવાજ દૂર થઇ મધુર અવાજ નીકલે. "ગુશમાલી," "ગુશ," કાંન, અને "માલીદન," મસલવું યાને કાન ચીમતવો, યા મરડવો. હરકોઇ કામ પોતાની ગતીમાં પડેલું હોય તેવેળા તે સુધરી શકતું નથી, પણ તે કામ સરૂ કરવાની આગમચ અથવાતો પુરૂ થવા બાદ કદાચ તે સુધરી શકેછે.

† સુફ્રીઓ ટુકરો રોટલી ખાઇ એકાંત બેશી ખોદાતાલાની બંદગી કરતા હતા, તે વેળા તેઓ જોકે બાહેરનાં દેખાવથી કંગાલ હતા, તો પણ અંતકરણથી સુખી હતા, મગર હાલમાં તેઓ પોતાના હવસની લોભલાલચને લીધે ઘરેઘર રખરી ખરચી માગવામાં મશગુલ રહી, બાહેરથી જાણે સુખીહોય એવા દેખાયછે, પણ જીગરથી ખરેખરા દુ:ખી છે, કેમકે તેઓને દરરોજ કાંઇ ભીક્ષા મલતી નથી.

‡ માણસ તવંગરી ધરાવતો હોય, પણ જો તેનું દેલ ખોદાપર હોયતો તે પોતાના ઘરમાં પોતે જાણે તપખાંનામાં બેશી તપ કરતો હોય તે મિશાલ છે.

હેકાયત ૨૫ મી.

મને યાદ છે કે મેં એક વખતે એક વંજારા સાથ આખી રાત સુધી મુસાફરી કરી હતી અને બામદાદની વેળા જંગલની એક તરફ સુવા ગયો. એક દેવાનો શખ્સ તે સફરમાં હમારી સાથે હતો, તે સહવાર પરોઠીયાંમાં પોકાર મારી જંગલ તરપ ચાલવા લાગો ને એક પલ વાર પણ આરામ ધરી નહીં. જ્યારે દાહાડો ઉગયો ત્યારે મેં તેને પુછ્યું કે તુંને પોકાર મારવાની શું જરૂર પડી હતી? તેણે જવાબ આપ્યો કે—મેં બુલબુલોને * ઝાડપર, તીત્તરોને † પાહાડપર, દેડકાંઓને પાણીમાં ને હેવાંનોને જંગલમાં મધુર સરોદ તથા ગંમી ભરેલો અવાજ કાહાડતાં સાંભળયા, તેપરથી મેં વિચાર્યું કે એ માણસાઈ તરીકો નથી કે બધા જાનવરો ગાઈ બજાવી ખોદાની પરારથના કરે ને હું ગફલતીમાં સુઈ રહયું; તે નાલાયકછે.—છેલ્લી રાતની બામદાદ સુધીના પક્ષીના મધુર અવાજે મારી અક્કલ, સબર, જોશ ને હોશ છીનવી લીધાછે. હમારી મંડલીમાના એક દોસ્તના કાંનમાં મારો આસતે બોલવાનો અવાજ પુગવાથી તે બોલ્યો કે, આવા એક પક્ષીના સરોદે તારી અક્કલ છીનવી લીધી એવું હું કબુલ કરી શકતો નથી. ત્યારે મેં જવાબ આપ્યો કે માણસ જાતની એવી રીત નથી કે પક્ષીઓ ગાઈ બજાવી ખોદાની બંદગી કરે, ને હું ખામોશ બેશી રહઉં ‡

———o———

હેકાયત ૨૬ મી.

એક વખતે હુંએ મારા સારા સ્વભાવના જવાન દોસતો ને સદાના સાથીઓસાથ હેજાજની § મુસાફરી કરી હતી. તેઓ પોતાની મરજી

---

* "બુલબુલ," Nightingale. એ પક્ષીનો સરોદ ઘણોજ મધુરછે. "Nightingale, or Philomela, because it is said that Philomela, the daughter of Pandion the king of Athens, was turned into a uightingale. This bird is universally esteemed for its vocal powers."

† "તીત્તર," Partridge.

‡ જ્યારે જાનવરો સહવાર પરોઠીયાંમાં પોતાના પાળણ કરનારની વખાણ ગાયછે ત્યારે માણસ સર્વેકરતાં જીઆદા અક્કલ ને મરતબો ધરાવેછે તે જો તેની બંદગી ન કરે તો તેને માણસ તરીકે ગણવો નહી.

§ "હેજાજ" એક જગ્યાનું નામછે. એ જગા જદ્દા તરફ આવેલછે.

પ્રમાણે ધર્મ સંબંધી કવિતા અથવા ગીત આસતે આસતે ગાતા હતા. બનાવ એવો બનયો કે, તે મુસાફ્રીમાં હમારી સાથ એક આબેદ હતો, જે દરવેશોના સંકટ માટે બેખબર હોવાને લીધે, તેઓની સારી સભિયતા વિષે ખોટો વીચાર બાંધયો. જ્યાંરે હમો "નખલે બની હેલાલ"* નામની જગ્યા આગલ આવી પુગયા, ત્યાંરે એક કાલા દેખાવનો તાધણો છોકરો અરેબના કુટંબમાંથી બાહેર આવી, એવી રીતે ગાવા લાગ્યો કે, તેના અવાજથી હવાપરના ઊડતાં પક્ષીઓ નીચે આવયાં. મેં જોયું કે પેલા આબેદનું ઉંટ જોશમાં આવી નાચવા લાગ્યું, અને પોતાના સ્વારને નાખી દેઇ જંગલ તરફ નાશી ગયું. તે જોઇ હું બોલયો કે અએ શેખ સારા સરોદે હેવાનના દેલમાં અસર કરી તો શું તારા પર કસી અસર થાતી નથી? તું જાણ કે મને ગઇ કાલના બુલબુલે શું કહયુંછે.—તું આદમી શું કામનો કેમકે તું આસકથી (યાને ગાયનના પ્યારથી) બેખબરછે. ઉંટ આરબની કવિતા અથવા ગીતથી ખુશીની લેહેરમાં આવી ગયું ત્યારે જો તારામાં તેવી લેહેરી થવાની શકતિ નહીં હોયતો તું હેવાનનો હેવાનછે. જયારે ઉંટ સરખું ગાયનથી ખુશી થઇ ગયું, ત્યારે જો તું તેમ નહીં થાયતો તું ખર બરોબરછે.†

(અરેબીકઃ—"જયારે ખેતરમાં પવન ફુકેછે, ત્યારે ઝાડની કુમલી ડાળીઓ તેની હજુ નમી પડેછે, પણ તેની (પવનની) અસર સખત પથરપર થાતી નથી.") જે કાંઇ ચીજ તું જુવેછે, તે સર્વે ખોદાતાલાની વખાણ ગાયછે, તે સમજ ભરેલા જીગર ધરાવનારાઓને બરોબર ખબર પડેછે—માત્ર બુલબુલો ફુલના ઝાડપર બેશી ખોદાતાલાની સ્તુતિ કરતાં ન-

---

* "નખલે બની હલાલ," નારીએલીના ઝાડથી ભરાયલી એક જગ્યાછે. એ જગ્યાના છાંયડા તળિએ મક્કે હજ કરવા જાતી વેળા રસ્તામાં વિસામો લેવામાં આવેછે.

† ગાયન સમજવા માટે સેકસ્પિયારે કેહેલા સખુંનો.

"The man that hath no music in himself,
Nor is not mov'd with concord of sweet sounds,
Is fit for treasons, strntagems, and spoils;
The motions of his spirit are dull as night,
And his affections dark as Erebas:
Let no such man be trusted."

થી પણ હરએક કાંટાને તેની પ્રાર્થના કરવાને જબાનછે *

હેકાયત ૨૭ મી.

એક પાદશાહ પોતાની આખેરીના વખતમાં આવી લાગો ત્યાંહાં સુધી તેને કોઈ વારેશ યાને ફરજંદ હતું નહીં, જેપરથી તેણે પોતાનું એવું વસિયત (યાને મૃત્યુ પત્ર) કરયું કે મારા મરણ પછી જે કોઈ શેહેરના દરવાજામાં પેહેલો આવે તેના સરપર પાદશાહી તાજ મેલવું તથા તેના અખત્યારમાં રાજયની સઘલી હકુમત આપવી. ટુંકમાં (યાને પાદશાહના મરણ પછી) શેહેરના દરવાજામાં પેહેલ વેહેલો જે શખ્સ આવયો તે, એક દરવેશ હતો, કે જેની સારી ઉમર કટકો રોટલી મેલવવામાં તથા થિંગરા પર થિંગરા મારી કપડા પેહેરવામાં ગઈ હતી. વજીર ઉમરાવોએ રાજય, જરખજાનો તેને સ્વાધીન કરયો તથા તેના સરપર પાદશાહી તાજ મેલી પાદશાહનું વસિયત બજા લાવ્યા. તેણે કેટલીએક મુદત સુધી રાજય ચલાવયું તે એટલાવેરકે ઉમરાવોમાંથી કેટલાએકે તેની તાબેહારી કરવામાં નાફરમાની કરી તથા ચોતરફના પાદશાહો તેની સામે થવા લશકરો તૈયાર કરયા. ટુંકમાં લશકર ને લોકો વચે લડાઈ જાગી, જેથી કરી તેના હાથમાથી કેટલાએક પરગનાઓ જાતાં રેહેયા. તે બનાવ જોઈ તે દરવેશ ગંમગીન થયો, તેવામાં તેનો એક કદીમ દોસ્તદાર કે જે તેની ગરીબાઇના વખતમાં તેનો સાથી હતો, તે સફરથી પાછો ફરયો ને તેને આવા મોટા મરતબે ચડેલો જોઈ તે બોલયો કે, બુજોરગ ને મોટા સાહેબના સોકરાના કર, કે તારાં બુલંદ કીસમતે તુંને યારી કરી ને તારી આબાદી તુંને રાહ બતાવનારી થઈ, કેમકે કાંટામાંથી ફુલ ઉગયું અને તારા પગમાંથી કાંટો નીકલી ગયો † જેથી તું આવા મોટા મરતબે પુગો. (અરેબીકઃ—"બચીતછે કે ખુશી પા-

---

* કાંટા કે જે નાચીજછે તેપણ પોતાના પેદા કરનારાની વખાણ ગાયછે; તો પછી માણસ કે જે સર્વેથી ચડતુંછે, તે જો તેમ નહી કરે-તો હલકા કાંટા કરતાંબી હલકુ ગણાય. ટુંકમાં ખોદાતાલાની બંદગી દરએક દાહાડમાં પાંચવાર નહી તોપણ ફકત એકવારબી કરવી શજાવારછે.

† તું ગરીબ મીશકીન હતો પણ તું તારા ભાગ્યેગથી આજે પાદશાહ બની રહયોછે ને તારી ભટકવાની દલેદરી જતી રહીછે.

છલ દલગીરાઇ હોયછે.")*—ફુલો કોઇવાર ખીલેછે. ને કોઇવાર કરમાયછે. †
ઝાડો કોઈ વખત પાંદડાંથી ભરેલા હોયછે ને કોઇ વખત ખાલી હોય-
છે. ‡—તેણે કહયું કે ઓ પ્યારા દોસ્ત, તું મારી સાથ દલગીર થાઓ.
કેમકે આ વખત મુબારકબાદી આપવાનો નથી. તુંએ મને છેલ્લો જોયો
હતો કે, હું તુકરો નાન મેલવવા માટે ગંમખાર હતો પણ આજે દુન્યા-
ને માટે ગંમખાર છેઊ. જો દુન્યા મારી ખાહેશ મુઆફેક નહોયતો હું
દરદમંદ થઇ રહયું, પણ જો મારી ખાહેશ મુઆફેકજ હોયતો હું તેના
ખુશીના બંદમાં જપત થઇ રહયું. §

આ દુન્યા કરતા કોઇબી બીજી આફત ભરેલી બલા નથી કેમકે ગ-
રીબાઇમાં જીગર જખમા રહેછે, એટલુંજ નહી પણ મોટાઇ પણ રહે-
છે—$ અગર જો તું તવંગરી ચાહાતો હોય તો સંતોષ પકડ કે તેમાં
મોટી દોલત છે. એક તવંગર તારા ખોલામાં બક્ષિસનું જર નાખે યાને
તુંને ભિક્ષા આપે, તો તેથી તું તેને નેકી ભરેલો ધારતો ના, કારણ કે મેં
બુજોરગોથી એ વિષે ઘણું સાંભલેલું છે કે—તવંગરની દોલત કરતાં ગરી-

---

* "Joy succeeds sorrow."

† માણસ કોઇવાર શાહના દરજજાથી ફકીર બનેછે ને ફકીર કોઇ
વાર શાહ બનેછે—કેહેવતછે કે "શાહના ફકીર ને ફકીરના શાહ" તે ઊ-
પલા બખાણથી માલમ પડેછે.

‡ માણસ કોઇવાર થોડી મુદતમાં તવંગર બનેછે, અને કોઇ તવંગર
પાયામાલ થઇ ગરીબ બની રેહછે. ચરતી પરતીનો એશારો શમજવો.

§ જેવી રીતે માણસ ઇચ્છે તેમ જો દુન્યા ચાલે તો પછી તે હર-
ગીઝ દલગીર થાય નહીં, પણ દુન્યા પોતાની મરજી પેરે ચાલી માણસ-
ને ખુશી તથા ગંમી કરેછે.

$ આપણે એમ નહીં સમજવું કે આ દુન્યામાં ગરીબોપર આ-
ફતછે પણ મોટાઓપરબીછે, કેમકે શું ગરીબ કે શું તવંગર તેના ચકક-
રમાં છકકર ખાધા વીના બકાત રેહેતા નથી,

બની સબુરી વધારે કિંમતીછે. * "અગર બેહરામગોર † ગોરખરનો ખુરરમો કરી લોકો વચે વેંહેંચો આપવા ધારે તોપણ તીરના પગ જેટલો હીસ્સો કીડાને મલવાનો નથી" ‡

---o---

હેકાયત ૨૮ મી.

એક શખ્સને બીજા શખ્સ સાથ દોસતી હતી, તે પાદશાહની દીવાનગીરી કરતો હતો, તેની મુલાકાત લેવાને પેલાને કેટલીએક મુદત સુધી કાંઇ સંજોગ બન્યો નહી હતો—ત્યારે કોઇએ તેને કહ્યું કે, તું તારા દોસતને મળયો તેને લાંબો વખત થયોછે. તેણે જવાબ આપયો કે હું તેને જોવાને ઇચ્છતો નથી. ભોગયોગડોએ પેલા (દીવાનના) માણ-

---

* "સબરે દરવીશ બેહ કે બે જલેગની."

† "બેહરામગોર," સાસાનીયાંન તબાકાનો ચોઉદમાં પાદશાહ. એના બાપનું નામ યજદેગર્દ હતું, જે ઘણો જુલમી તથા ઘાતકી હતો. તેને પોતાના બેટાને કેલવણી આપવા સારું નુઅમાન નામના એક આરબ સરદારને સોંપયો હતો. તેના મરણ પછી ઇરાનના લોકોએ અરદેશીર બાબેગાનની ઓલાદનો એક શાહજાદો નામે કસરાને ઇરાનનું રાજ આપયું. તે ખબર સાંભળી બેહરામ નુઅમાનના બેટા મુનઝરની સાથ ભારે લશકર લેઇ ઇરાનપર ચઢી આવયો. સેવટે લોકોએ એવો એકરાર કરયો કે બેઉ શાહજાદાઓમાંથી જે કોઇ બે વાઘોની વચેથી પાદશાહી તાજ ઊઠાવી લેય તે ઇરાનનો પાદશાહ કેહેવાય. તે સરત મુજબ બેહરામે બેઉ વાઘોને મારી તાજ પોતાના સરપર મેલી ઇરાનનો રાજા થયો. તાજ મેલવ્યા પછી ઇરાનમાં ઘણો શુધારો કરવા લાગો. તેને રૂમ, તારતાર, ને ચીનના પાદશાહો સાથ જંગ કરી ફતેહ મેલવી હતી. તેને જંગલી ગોરખરોનો શેકાર કરવાનો ઘણો શોક હોવાને લીધે તેને "ગોર" નું ઉપનામ આપવામાં આવયું હતું. તે શેકારગાહમાં શેકાર કરતાં એક કુવામાં પડી મરણ પાંમ્યો હતો તેમાંથી તેની લાસ મલી નહીં આવી હતી એવું કેહેવામાં આવેછે. તેની ઉમર ૮૩) વર્ષની હતી તેમાં તેણે ૬૩) વર્ષ રાજ કરયું હતું."

‡ ગરીબની નાબલી બખશેશ તવંગરની મોટી બખશેશના જેટલી કિંમતી ગણાયછે.

સોમાંથી એકજન તાંહાં હાજર હતો. તે બોલયો કે તેનાથી તું એ શું ખતા જોઇછે, કે તેને જોવા માટે તું નાખુશછે. તેણે જવાબ આપયો કે મેં તેનાથી કાંઇબી ખતા જોઈ નથી, પણ તે દીવાન થયલા દોસ્તને (હમના નહી જોવશ પણ તેને) ત્યારે જોવશ કે, તે દીવાનગીરીથી બરતરફ થયલો હશે.—મોટાઇ તથા મોટા અમલમાં દોસ્તો પોતાના દોસતોને વીશરી જાયછે, પણ નબલા વખતમાં અને ઓધાથી બરતરફ થાયછે ત્યારેજ પોતાના જીગરનું દરદ વીસરેલા દોસ્તો આગલ જાહેર કરેછે. *

હેકાયત ૨૯ મી.

આબુ હોરેરા + (જેપર ખોદાની મેહેર) હરરોજ મુસતફાની ‡ (જેનાપર સાહેબની મેહેરબાની ને દુવા સલામ.) ખીદમતમાં હાજર રેહેતો હતો. એક દાહાડે પેગંમ્બરે તેને ફરમાવયું કે એ અબુહોરેરા તું મારી (નેમાજ કરવા)ને મારી આગલ દરરોજના આવ, કે જેથી તારાપર મારી ચાહ વધારે થાશે (નહીં)—અકલમંદ ગૃહસ્થોએ આમ કહ્યુંછે કે—ખુરશેદની આટલી બધી બખશેશમાંથી આપણે ફાએદો મેલવય છઇએ, તોપણ હમોએ તેને માટે પ્યારથી બોલતાં યા તેપર પ્યાર બાંધતાં કોઇને જોયા નથી, કારણ કે તે હરરોજ દેખાયછે, પણ જ્યારે તે સિઆલામાં વાદલથી ધંકાયલો રેહેય યા દેખાતો નથી, ત્યારે તેને જોવા માટે લોકો ખાહેશ કરેછે—યાને પ્યારો ગણેછે.—હરકોઇનીબી મુલાકાત લેવામાં અડચણ નથી, પણ તેવું વારંવાર થવું નહીં જોઇએ, કે જેથી તે મુલાકાત લેનાર એમ

---

* આ વિચાર હાલના વખતની હાલતને બરોબર લાગુ પડેછે, કેમકે હરકોઇ શખ્સ જ્યારે કસો ઓધો કે મોટાઇ વગરનો હોયછે, ત્યારે પોતાના દોસતોને સારી રીતે ચાહેછે, પણ જ્યારે તેવા મરતબાને પુગેછે, ત્યારે તેમને વીસરી જાયછે, તે એટલાવેર કે જો તેનો એકાદ ગરીબ રફીક રસ્તામાં તેની સામે મલેછે, તો તેની ખબર અંતર પુછવાની તો રહી પણ તેને સલામ વટીક કરવાને અખારા કરેછે. દોસ્તોની આવી ચા' નાલાયક તથા ધીક્કારવા જોગછે.

+ "અબુ હોરેરા" એક માણસનું નામછે.

‡ "મુસતફા" જુવો નોટ શફે ૫૮ મે.

નહીં બોલે કે હવે બસ કરો યાને મારી મુલાકાતે નો આવતા.* અગર તું પોતે પોતાને ભુલચુકમાંથી સુધારી શકેતો તું બાજાથી હરગીઝ થઈ થપકો સાંભલશ નહી.

———o———

હેકાયત ૩૦ મી.

દમાસકસ શેહેરમાં મને મારા દોસતદારોની ટોળીથી કંટાલો ઉપજયો, જેથી હું જરૂસલમના† જંગલમાં એકાંત જઈ રહ્યો, ને (તાંહાંના) હેવાંનો સાથ સોબતી ધરી—તે હયાંવેર કે એક વખત "ફરાનક" (ઇંગ્રેજ) લોકો મને કેદી તરીકે પકડી લેઈ ગયા, અને "ત્રીપોલી"‡ શેહેરમાં બીજા યાહુદીઓ§ સાથ મને ખાડામાંથી મટોડું ખોદવાના કામે લગાડયો. "એલીપો"$ શેહેરના એક આબાદાર ઘરહસ્થ સાથ મને આગલની ઘણી મિત્રાચારી હતી, તે તાંહાંથી (યાને જાંહાં હું ખાડો ખોદતો હતો તાંહાંથી) પસાર થતા મને ઓલખી, પુછવા લાગો કે તું હયાં કેમ આવ્યો ને તારી હાલત આવી કેમ થઈ? મેં જવાબ દીધો કે—માણસોથી દુરી પકડી જંગલ ને પાહાડ તરફ આવ્યો કે જાંહાં ખોદા વતરોગે બીજા કોઇની દરકાર રાખુ નહીં, પણ હમને તું વિચાર કર કે મારી હાલત શું થઇછે, કે માણસો કરતાંબી હલકા લોકોની સાથ મને જોડાવું પડયુંછે.—પારકાં લોકો

---

* કોઈની મુલાકાત લેવી હોયતો તેની હજુરમાં દરરોજ જવું નહીં, જેથી તે મુલાકાત લેનાર કંટાલી એમ નહીં બોલે કે મને હાલ કામછે માટે હું તમારી મુલાકાત લેઈ શકતો નથી—તેમજ જો મુલાકાત લાંબે વખતે હરકોઇની લીધામાં આવી હોયતો, તે મુલાકાત લેનાર બા ખુશીથી તે મુલાકાત આપનારની મુલાકાત લેયછે તથા તેને પ્યારો ગણેછે.

† "જરૂસલમ," Gerusalum એક વખણાએલા શેહેરનુ નામછે. એ શેહેરમાં યાહુદીઓની મુખ્ય વસ્તીછે. હયા ઇંગ્રેજ લોકો ઇસલામીઓની મુઆફેક "જીઆરત" કરવા જાયછે, કેમકે તેઓનો પેગંબર "કરાઇસ્ટ" એ શેહેરમાં મરણ પાંમેલાછે.

‡ "ત્રીપોલી," Tripoly એ પરાંત સામ શેહેરમાં આવેલાછે.

§ "યાહુદી," Jews. જરૂસલમના રેહેનારા લોક.

$ "એલીપો," Aleppo એક પરાંતનુ નામછે.

સાથ બાગમાં બેશવા કરતાં દોસ્તોની હજુર બંદમાં પગ રેહેલા ભલાછે.* તેને મારી તંગ હાલતપર દયા આવી, જેથી ફરાનક લોકોને મારા છુટકારાના દંડ તરીકે દશ દીનાર આપી મને છોડવયો, અને મને પોતાની સાથ "એલીપોમાં" લેઇ ગયો.

તેને એક જવાન છોકરી હતી, જેની સાથે તેણે મને પરણાવ્યો, ને તેણીની રીતના સો દીનાર મને આપયા. તેપર કેટલીએક મુદત ગુજરવા બાદ, તેને પોતાનો સ્વભાવ પાજી, કજીઆખોર, હઠીલો, અને ખરાબ સખુન ભરેલા બતાવી મારા સુખનો નાશ કરયો.—જે દાનાવોના કેહેવા મિસાલ થયું કે—નેક માણસના ઘરમાં ખરાબ ઓરત હોયતો તે ઘર આ દુન્યામાં તેનું દોજખછે.—તું કોઇબી ખરાબ ઓરત સાથ નહી જોડાંય તેની સંભાલ રાખજે. (અરેબીક "ઓ ખોદા ખરાબ ચાલની ઓરતની તપાસથી તું મારી સંભાલ રાખજે.") એક વેળા તેણીએ મને તાણાંજાણીના સખુનો ઓચારવા પોતાની જબાન લંબાવી બોલી કે તું કુબાનો ધણી નથી કે મારા બાપે તુંને ફરાનકના કેદમાંથી દશ દીનાર આપી ખરીદયો હતો? મેં જવાબ આપયો કે હા, હું તેજ શખ્સ છેઉ, કે તારા બાપે મને ફરાનકના કેદમાંથી દશ દીનાર આપી છોડવયો પણ તું જેવી નારના હાથમાં સો દીનાર આપી મને ગીરફતાર કરયો.†—મેં સાંભલ્યુછે કે એક બુજોરગે એક બકરાને વરૂના મોહોડા ને હાથમાંથીં છોડવી, રાતની વેળા તેની ગરદનપર છુરી ફેરવી, તે વેળા તે બકરાના રવાંને રોઈ જાહેર કરયું કે, તુએ મને વરૂની ચુંગાલમાંથી છોડવ્યું પણ આખેર મેં જોયુ કે તું પોતે વરૂ થયો.‡

* પારકાંઓ સાથ રહી ખામોશી બેશવું પડે, અથવા તેઓ જે કહે તે કરવું પડે, તે કરતાં દોસ્તોની હજુરમાં બેશી આપણી મરજીમાં આવે તેમ કરવું બેહેતરછે. દોસ્ત ગમે તેવો હોય તે ભલો, પણ બેગાનો શખ્સ માઠો.

"પાએ દર ઝંજીર પીશે દુસ્તાન—
બેહ, કે બા બીગાનેગાન દર બુસ્તાન."

† શખસાઅદી મિસાલ આપેછે, કે મને મારા દોસને ખાડો ખોદવાની જેહેમતમાંથો છોડવ્યો પણ તેથીબી નબેતર બલામાં યાને પોતાની ખરાબ ચાલની છોકરીના હાથમાં ફસાવી દીધો.

‡ હરકોઈપર એક ગમથો મેહેરબાની કરવી ને બીજી ગમથો તેને મારવો તે ખરેખર તેનાપર મેહેરબાની નહી કરવા સરખુંછે, મેહેરબાંની કરવી તો પુરીજ કરવી નહીતો કે કરવી નહીં.

હેકાયત ૩૨ મી.

મ્હોટા કુટુંબ સાથ થોડી પુંજી ધરાવનાર એક આબેદને એક પાદશાહે પુછ્યું કે તું તારો કિંમતી વખત કેમ ગુજારેછે? તેણે જવાબ આપ્યો કે આખી રાત હું બંદગી કરૂંછું, ને સહવારના ખોદાની પાશ અરજ ગુજારી હાજતની દુવા ચાહાઉંછું, તથા આખો દાહાડો મારો ખરચ જમા કરવામાં મસગુલ રહુંછું. પાદશાહને તેની હાલત વિષે એસારો માલમ પડયો* જેપરથી તેને રોજનો ખરચ આપવાને પોતાના માણસોને ફરમાવ્યું, કે જેને લીધે તેના મનમાંથી બચ્ચાં પાળવાના ખરચનો વિચાર દુર થાય.—ઓ કુટુંબની જંજાળીમાં અથવા સંભાળમાં ફસેલા તું તેમાંથી બીજી કોઇબી રીતે તારો છુટકારો સોધવાની આશા નો રાખ.† ફરજંદો રોટલી, કપડા, તથા ખરચનો ગમ તુંને બંદગી કરવાથી દુર રાખેછે. હરરોજ હું ઇરાદો કરૂંછું કે રાતની વેળા ખોદાતાલાની બંદગીમાં ગુતાએલો રહું, પણ જ્યારે બંદગી કરવા બેશુંછ ત્યારે મને વિચાર આવેછે કે મારા છોકરાં છઇઆં સહવારે શું ખાશે.

---o---

હેકાયત ૩૨ મી.

દમાસકસ શેહેરના એક ભકતે ઘણાએક વર્ષ જંગલમાં ભક્તી કરવામાં કાહાડયા હતા, તથા ઝાડના પાંદડાંપર પોતાનું ગુજરાણ કરયું હતું. એક દાહાડે તે તરફનો (યાને તે શેહેરનો) પાદશાહ તેની મુલાકાત લેવા તેની નજદિક ગયો, ને તેને જણાવ્યુ કે, અગરજો તુંને દરૂસત લાગતું હોયતો હું તારે માટે શેહેરમાં એક મકાન તૈયાર કરાઉં, કે જયાં તું એથી વધારે સગવડથી તારી એબાદત કરે અને બીજાઓ તારી સોબતની બરકતના દુવાથી નફો પાંમી તારા સારા કામની નકલ કરશે અથવા તારો દાખલો લેશે. તે ભકતે તે ઠરાવ અથવા સખુન ના કબુલ કરયો. તે

---

*પાદશાહને માલમ પડયું કે તેની પાશ પૈસા નથી, જેથી તે મેળવવામાં પોતાનો બંદગી કરવાનો કિંમતી વખત ગુમાવેછે.

†હરકોઇ કુટુંબની જંજાળીમાં ગુતાએલા હોયછે, તો તેનાથી તેઓને છોડીદઇ એકાંત થવાતું નથી તથા કોઇબી રીતે તેઓનુ ગુજરાણ કરયા વગર તેને ચાલતું નથી.

જોઇ વઝીરોમાંથી એકે તેને જણાવ્યું કે પાદશાહની ખાતરદારી કરવા એવી રીતની મસલતછે કે તું થોડા દાહાડા શેહેરમાં આવી તે મકાનની હાલતથી વાકેફગાર થા, પછી જો પારકાંઓની સોબતથી તારી પવિત્રાઇનો કિંમતી વખત વેર્થ જાય તો તુંને હયાં પાછો ફરવાને પુરતો અખત્યારછે. એવું જણાયલું છે કે તે આબેદ શેહેરમાં આવ્યો. પાદશાહે પોતાના મેહેલના લગંતા બાગનુ મકાન તેયાર કરી (તેને રેહેવાને આપયું.) (તે મકાન) દેલને ખુશી કરનારૂં, જીવને આસાએશ આપનારૂ, તથા રાહાત વધારનારૂં હતું. તે બાગના રાતા ફુલો (નો રંગ) ખુબસુરત (ઓરત) ના ગાલો મિસાલ હતો.—અને સોનખુલના* ફુલો મેહબુબોના જુલફા સરખા હતા. તે ફુલો જોકે ભર શિઆળામાં ભિનાસથી ઢંકાયલા હતા, તોપણ એક નાધલા બાલકે પોતાની દાયાનુ તરતનુ દુધ પીધેલું હોય તેવાં તાજાં હતા.†

(અરેબીકઃ—"ઝાડની ડાળીઓ રંગબેરંગીન ફુલોથી જરાવદાર હતી, કે જેઓ ખીલેલી હલીઆરીની વચે લતકી આતશ સરખી ભભુકદાર હતી.") પાદશાહે તેની હજુરમાં એક ખુબસુરત લોંડીને મોકલી

---

*"સોનખુલ," એક રંગદાર ફુલનુ નામછે. Hyacinths. ઓરતોના બાળ એક એકપર વલી ગુંછદાર હોયછે તેમ તાજી મોગરાની કલીઓ પર પર પર થઇ બત હતી.

†તે બાગના તાજાં ઉગેલા ફુલોની કલીઓ દવ તથા બરફના પાણીમાં ભીનાઇ તર થવાથી તરતના જનમેલા બાલકના જેવી રંગદાર દીશતી હતી.

"The "Nurse" here alluded to is "Dame Nature," and the fresh & brilliant appearance of the "winter sun," when rising in all his grandeur over the snow–clad mountains, is elegantly compared to the sprightly look of a new-born babe, whose first desire, on enterning the world, is for milk. The mountains are often denominated "Nurse Nature's breasts," and the snowg being melted by the rays of the sun, suggests the pretty idea of its being that orb's nutriment which it seems to suck up (i. e., to melt) immediately on rising (i, e., on coming into the world.")

જેણીનો ચેહેરો બીજના ચાંદ સરખો હતો કે જે આબેદ સરખાનેબી ગુમરાહ કરયા વગર રહે નહીં.—તેણીનો શીરેરતા સરખો દેખાવ નકરો મોરના પીચ્છા જેવો રંગદાર હતો—કે જેને એકજ વાર જોવાથી મુંરત પરહેજગારનું વઝુદ જોશમાં આવયા વગર રહે નહીં.

તેણીની પાછળ પાદશાહે એક દીલકશ તથા ખુબસુરત દેખાવના ગોલામને તેની હજુરમાં મોકલ્યો, "જેની ખુબસુરતીના દસતે રોજનો કઉઅતમંદ પંજો મરડયો, તથા બુજોરગોના હાથનુ કઉઅત તેમની આંધપર લતકાવયું."* (અરેબીકઃ—"તેની ખુબસુરતીથી માણસ હલાક થાયછે, તે પોતે સાકી હોવા છતાં કોઇને પોતાનો સરાબ પાતો નથી—યાને કોઇને પોતાનો પયાર અરપણ કરી શકતો નથી.") અથવા†— જલંદરના મરજવાલો યુફ્રેતિશ ‡ નદીનું પાણી વારંવાર પીવા છતાં ધરાતો નથી, તે મિસાલે કોઇપણ તેને (તે ગોલામ) વારંવાર જોવા છતાં ધરાતું નહી હતું.§

---

* તે ગોલામની ખુબસુરતી એટલીતો ભજુકદાર હતી કે તેની આરૈલ રોજની ખુબસુરતી નકામી યા વતાવમાં ગણાતી હતી, તેમજ તેની ખુબસુરતી જોઇ બુજોરગો તેના પયારમાં પોતાના હાથનુ તેકી ધરાવનારૂ કૌવત તજી બેશતાં હતાં.

† "He is surrounded by mortals parched with thirst, whilst he who hath the appearance of a cup-bearer bestoweth uot drink,"

‡ યુફ્રેતિસ, Euphrates ("ફરાત".) એક નદીનું નામછે. એ નદી એશીઆ ખંડમાં આવેલીછે.

§ ફરકોઇને જલંદર (Dropsy)નો મરજ થાયછે, તે ઉપરા સાપરી પાણી પીવા છતાં પોતાની તરસ છીપાવી શકતો નથી— અથવા યુફ્રેતિસ નદીમાથી પાણી ભરી લાવનાર ભીસતી વારંવાર તેને જુવે છે, તો પણ તે તેને જોવાથી ધરાતો નથી—યાને તે એક પખાલ પાણી ભરી લઇ જાયછે અને ફરી ભરવા આવેછે.—તે મિસાલ કોઇ શખ્સ પેલા ગુલામને એક યા દશ વાર જોય, તોપણ તે તેને જોવાથી કંટાલે નહીં એવો તે ખુબસુરત હતો.

તે આબેદ લિજતદાર ભોજન ખાવા તથા દેલપસંદ કપડાં પેહેરવા લાગ્યો, તથા શું ફુલોપર કે શું ખુશબુપર પોતાની ખાહેશ પુરી પાડવા મંડયો, એટલુંજ નહી પણ પેલી લોંડી તથા પેલા ગોલામપર (પ્યારની) નજર કરવા લાગ્યો.*

દાનાવો ફરમાવી ગયા છે કે, ખુબસુરત નારના જુલફા અક્કલમંદના પગની બેડીછે, અને ડહાપણવાલા મૂર્ગનો ફાંધો છે.†

તારી ચાકરીમાં મારૂં જીગર, મારો ધર્મ, ને મારી અક્કલ હું ભુલી ગયોછું.—ખરેખર આજે હું ડહાપણનું પક્ષી બનયોછું, ને તું તેનો ફાંધો થયોછે. ટુંકમાં પેલા ભકતની મોજ શોખનો અંત નજદિક આવયો. દાનાવોએ ફરમાવેલુંછે તેમ—જો વકીલ, શક્ષીક, ધર્મ, ગુરૂ અથવા ભાષાણ કરનાર સ્વચ્છ જીવ ધરાવતો હોય તોપણ તે આ ફાંની દુન્યામાં આવતાંજ, જેમ મધમાં માખનો પગ ફસેલો રહેછે તેમ પોતાને ફસેલો જોશે.‡ એક દહાડે પાદશાહને તે આબેદની મુલાકાત લેવાની ખાહેશ થઇ જેથી જઇ તેને જોયો કે તે પોતાની હાલતમાં ફેરવાઇ ગયલો તથા લાલ ગુલી જેવો તેમજ સફાઇદાર તથા ફરબે બનેલો હતો; અને દમાસ્કશ શેહેરના રેશમી તકીઆપર હલેલ્યો હતો. પેલો ગોલામ તથા પેલી પરી-પેકર બાંદી તેના માથા આગલ મોરના પીછ્છાનો પંખો લઇ ઉભેલા હતા. આ તેનો ખુશ દેખાવ જોઇ પાદશાહ ખુશી થઇ તેની સાથ તરેહવાર વાત કરતાં આખેરીએ તે આમ બોલયો કે આ દુન્યામાં હું બે જાતના માણસો ઉપર પ્યાર ધરાઉછું, તેમાં એક ઓલમા લોકો§ને બીજા આબેદ

---

* તે ભકત પોતાની પાકીજે તજી પોતાના દેલના હવસી કામો અખત્યાર કરવા ગુતાયો.

† "જોલફે ખુબાન જંજીર પાએ અક્કલ અસત્ વ દામ મોરગે જીરગ."—એને મલતુ ફેરદાસીનુ લખાણ આમછે.

"બર આસફતે સીમાન દુ મિસકિન કમંદ,
સરશ ધસતે મુન હલકેએ પાએ બંદ."

ગમે તેવું માણસ પરહેજગાર હોય તો તેખી ખુબસુરતીના મંત્રમાં બેફામ થયા વગર રહે નહીં.

‡ આ દુન્યામાં ગમે તેવોખી પુરૂશ હશે તોપણ તે દુન્યાની લાલચમાં થોડા યા ઘણો, જેમ માખ મધ ખાવા જાતી વેળા તેમાં ફસી જાયછે, તેમ તે લપટાયલો રેહેછે.

§ "ઓલમાં," શિખેલા—કાબેલ લોકો.

બાકોછે. તેની નજદીકમાં તેનો જાહાનથી કરેલ વઝીર હાજર હતો તે બોલયો કે અમ્મે દુન્યાના સાહેબ દોસ્તીની સરત આમછે કે બેઉ ટોળાના લોકો સાથ નેકી કરવી. પાદશાહે પુછ્યું કે તે કેવી રીત ? વઝીરે જવાબ આપયો કે ઓલમાઓને તું જર આપ કે તે જોઇ બીજાઓ પણ એલમને હાસલ કરવા કોશિશ કરે, ને ભકત લોકોને કાંઈ ચીજ નો આપકે જેથી તેઓ જેમ (પરહેજગારછે) તેમજ રહે.—ભકત લોકોને દરમ અથવા દીનારની કશી જરૂર નથી, પણ જો તેઓ તે માગવા બેશે તો તેઓને બદલે બીજા ભકતો સોધવા.*—જે કોઈ નેકી ભરેલાછે, તેનું મન ખોદાતાલાની ઉપર છે, તો તે ધર્મની ખેરાત તથા ભીખની રોટલી વગર પરહેજગારછે.† ખુબસુરત ઓરતની આંગલી ને કાંનનો ચપુ દલને છીનવી લેનાર છે, તે બાલી તથા પીરોજાની‡ વીટી વગર પણ ખુબસુરતછે.—નેક ને ભલી ચાલના દરવેશને ધર્મની ભિક્ષા તથા ભિખની રોટલીની કસી જરૂર નથી.—ખુબસુરત ઓરતને રંગ, ચિતાર, તથા પીરોજાની વીટીની કશી જરૂર નથી.§— મારી પાશ કાંઈબી ચીજ હોય તે છતાંબી જો હું બીજાના માલની ખાહેશ કરતો જેથી કદાચ તું મને ધર્માતું માણસ નહીં કહે તે કાંઈ ભુલ ભરેલું નથી.

———o———

હેકાયત ૩૩ મી.

આ નીચલી વાર્તા ઉપલી હેકાયતને મળતીછે. એક પાદશાહને કોઈ

---

* એટલે જો ભકત પૈસાની લાલચ રાખેતો તેને ભકત કેહવા નહી પણ તેને બદલે જે કોઇ ખોદાતાલાપર જીવ બાંધી પોતાની બંદગી કરતો હોય તેને ભકત તરીક ગણવો જોઇયે. ભકતને પૈસા સાથ કાંઇ કામ નથી મગર ખોદા સાથ કામછે.

† ખરો પરહેજગાર તે છે કે જે ધર્મનું કાંઇબી મેલવવાની લાલચ કરતો નથી પણ ટુકરો ખાવા મળે એટલે તેપર સંતોષ રાખી બેશેછે.

‡ "પીરોજા," Turquoise એક જાતના જહવેરનુ નામછે.

§ એક ઓરત પોતાની દામન નાપાક રાખવા રંગ, ચીતાર, તથા ઠાઠમાઠ કરે તે કરતાં જે ઓરત પોતાની દામનને જાળવી રાખી પોતે પાક રેહતી હોય તો તેને તેવાં ખોટા ભપકાની કશી જરૂર નથી.

કામમાં ગુચવાડો પડવાથી તેણે માનયું કે જો તે કામનુ સેવટ મારી મરજી પ્રમાણે ઉતરશે તો હું કેટલાએક દેરમો ભકતો વચે ખેરાત કરશ. જયારે તેની હાજત પુરી થઈ તથા તેની મુરાદ પ્રમાણે કામ ઉતરયુ ત્યારે તેણે પોતાના દીલની માંનતા બજાલાવવાનો ઈરાદો કરયો. પોતાના એક માનીતા ખિદમતગારના હાથમાં એક દેરમની કોથલી આપી ફરમાવ્યું કે તે ભકતો વચે વેહેંચી આપે. એમ કેહેવાયલું છે કે તે ગોલામ અકલમંદ અને હુશિઆર હોવાથી આખો દાહાડો રખડી રાતની વેળા પાછો ફરી તે (પૈસાની) કોથલીને ચુંમી લઈ પાદશાહની આગલ મેલી બોલયો કે ભકતોને મેં ઘણાખી સોધયા પણ કોઈ મલયું નહીં, પાદશાહ બોલયો કે એ શી વાતછે—જેટલું હું જાણુંછું તેપરથી મને લાગેછે કે આ શેહેરમાં ચારશો ભકતોછે. ગોલામે જવાબ આપયો કે અએ ખોદાવંદે જાહાંન જેઓ ખરા ભકત છે તેઓ જર લેતા નથી, અને જેઓ જર લેયછે તેઓ ભકત નથી. પાદશાહ તે સાંભલી હસયો ને પોતાના દરબારીઓને કહ્યું કે મારો ખોદાતાલાને માનનારાઓપર એતેકાદછે તેઓ સાથ આ બેવકુફ કરોધ તથા અદાવત રાખેછે. વજીરે ઉમરાવોએ જવાબ દીધોકે સચાઈ એની તરફછે, યાને એનું બોલવું ખરૂંછે.—જો ભકત દેરંમ યા દીનાર લેયતો તું બાજે ઠેકાણે કોઈ બાજાને (યાને ભકતને) સોધી કાહાડ.

———o———

હેકાયત ૩૪ મી.

એક બુજોરગ દાનાવને પુછવામાં આવ્યું કે ધર્મ સંબંધી રોટલી મેલવામાં તારો શો વિચારછે? તેણે જવાબ આપયો કે ધર્મ સંબંધી રોટલી એબાદત કરતી વેળા મજબને શાંત રાખવા ખાતર લેવામા આવેતો તે હલાલ યાને વાજબીછે, પણ મફતની રોટલી ખાવા ખાતર જો દુન્યાદારી તજી ખુંને બેશે તે નાવાજબી યાને નાલાયકછે. એક પરહેજગાર માણસ ખુંને બેશી એકાંત એબાદત કરવા ખાતર રોટલી માગે તે વાજબીછે, પણ મફતનીજ રોટલી ખાવા ખાતર ખુંને જઈ બેશે (અથવા બેશવું) તે નાવાજબીછે.

હેકાયત ૩૫ મી.

એક દરવેશ એક ધણીના ઘરમાં આવી લાગયો, તે ઘરનો ધણી ઘણો મેહેરબાંન તથા અક્કલમંદ હતો, જેની સોબતીમાં કાબેલ તથા ફાજેલ લોકો બેઠેલા હતા, જેઓ દાનાવોની રીત પ્રમાંણે તરેહપસંદ વાતો તથા મજાખ કરતા હતા. પેલો દરવેશ બીઆબાન તરફથી ચાલી આવયાને લીધે તદન થાકી ગયલો તથા મુરદાલ બનેલો હતો, અને કાંઈપણ ખાધેલું નહીં હતું. પેલા લોકોમાંથી કોઈએ મશખેરીમા તે દરવેશને કહયું કે તું બી કાંઈ સખુંન બોલ? દરવેશ બોલ્યો કે હું બીજાઓની મુઆફક કાબેલ તથા ફાજેલ નથી તથા કાંઈબી ભણેલો નથી, તોપણ તમો આગલ એક બેત બોલું તે જો તમુને પસંદ પડેતો કહી સંભલાઉ. તેને કહયું કે તે શું છે તે કેહે? તે બોલ્યો કે—જેમ એક કુંવારો* ઓરતના હમામખાંના † આગલ તલાપાડમાં ઉભો રેહેછે તેમ હું કુદરતી ભુખથી ખાવાની ટેબલ માટે (અથવા આગલ) ઉમેદવાર ઉભેલો છેઉ.

તેઓ હસયા યાને તેનું બોલવું પસંદ કર્યુ, તથા તેને માટે ખાવાનું મંગાવ્યું (તેવોને ફકીર ખાવા લાગ્યો) તે વેળા પેલા ઘરધણીએ તેને કહ્યું કે એ દોસ્ત જરાવાર સબુર ખમ કેમકે મારો ખિદમતગાર ખુ-

* "કુંવારો", Bachelor (ફા. "ગરબ")

† "હમામખાંનુ", Bath અંગ–બદન ધોવાની ભાડુતી જગ્યા અથવા દુકાન. હમામખાંના ગરમ તથા સરદ પાણીના બસુસન ઇંગ્રેજ તથા ઇસલામીઓમાં હોયછે, કેમકે એ કોમોના ઘરબાર ધરાવનારા લોકો કરતાં ઘરબાર વગરના લોકોને થોડે પૈસે પોતાના બદન સાફ કરવાને બની આવેછે. હમામખાંનામાં જે કોઈ નાહાવા જાયછે તેના પ્રથંમ માથાના બાલ મુડવામાં યા કાતરવામાં આવેછે, તે પછી તેના બદનની ચંપી કરી તેને નાહવાની જગ્ય લેઈ જાયછે, જયાં તેને તેના મનભાવતા પાણીમાં નાહવારતી વેળા, ઇંગ્રેજો સાબુ ચોરેછે, ને ઇસલામીઓ બીસો યા મેદી ઘસડી તેનું બદન સફાઈદાર કરેછે. છેહલે તેને પીવા ચરૂત યાતો હુકો આપેછે, પછી કાફી યા ચાહે પાઈ થોડીએક ખુશબો આપી તેને રવાના કરેછે. એ ચાલ સારીછે, પણ તેમાં કેટલીએક ગલીચાઇ છે તે દુર થવી જોઇયછે. એવા હમામખાંના ઓરતોને માટે પણ હોયછે, જેમાં કામગાર મરદોને બદલે ઓરતો હોયછે.

રમાનુ બુરીયાન કરેછે. તે સાંભલી ફકીરે પોતાનું સર ઉંચુ કરી—હસી બોલ્યો કે—બુરમાનુ બુરીયાન લાવવા ના ફરમાવ કેમકે ભુખાને મનસે સુકી રોટલી કબાબછે યાને સવાદદાર પકવાન મુઆફીક લેજતદારછે.*

—o—

હેકાયત ૩૬ મી.

એક નિશાળીઆએ પોતાના ધર્મગુરૂને કહ્યું કે હું શું કરૂં કારણકે જેઓ મારી મુલાકાત લેવા આવેછે તેઓથી હું બેહદ કંટાલી ગયોછું, અને તેઓની હરકતથી મારો કિંમતી વખત ગુમ થાયછે. તે ધર્માતુએ જવાબ દીધો કે—તેઓમાંથી જે કોઈ મુફલેસ હોય તેઓને ઉછીના પૈસા આપ, તથા જેઓ તવંગર હોય તેઓ પાશ કાંઇનેકાંઇ માંગતો રેહે કે જેથી ફરી તારી આગલ કોઈ આવશે નહીં.—અગર દરવેશ ઈસ્લામીઓના લશકરનો વડો હોત તો કાફર તેના કાલાવાલાના ડરથી ચીન † તલક નાશી જાત.

—o—

હેકાયત ૩૭ મી.

એક વકીલે પોતાના છોકરાને કહયું કે ભાષણ કરનારાના દેલ બલચાવનારા રંગીન સખુંનની તારામાં કશી અસર થાતી નથી? તે છોકરાએ કહયું કે હું તેના બોલવા સાથ તેના કામને મલતું જોતો નથી.—તેઓ માણસોને દુન્યા તરક કરવા શિખામણ આપેછે પણ તેઓ પોતેજ જર ને

* ખાઇપી ધરાયલાને મનસે જવનુ સરસમાં સરસ પકવાન કુચા સરખુ છે, પણ ભુખાને મનસે કવરી બાજરીનુ બેશવાદી પકવાન લેજતદારછે.

† "ચીન," China એક કદીમ મુલકનુ નામછે, એ પૈસા તથા હુનરમાં ભરપુરછે. એ મુલકમાં મુખ્ય પેદાશ રેશમ, ચાહ તથા ખાણ સાકરનીછે, હયાંના લોકો મેહેનતું, હુનરમંદ પણ અફીણના અમલમાં ચકચુરછે. એઓ પોતાના હુનર પારકાંઓથી છુપાવેલો રાખેછે. મરદ તેમજ ઓરતોના માથાના બાલ એક સરખા લાંબાછે. એ મુલકમાં એક જબરી લાંબી દેવાલછે જેની લંબાઇ ૧૫૦૦) મૈલનીછે. જે ૨૦ ફીટ ઉંચી તથા પાઆથી ૨૫ ફીટ ને ઉપરથી ૧૫ ફીટ જાદીછે. તે તદન ઇંટથી બાંધેલીછે. એ મુલકની દારોસલતનત "પીકાન" શેહેરછે. લોકો બુધનો ધર્મ પાળેછે પણ આતશની જાલવણી કરેછે. ચોકનનુ ભરત કામ દુન્યાના બીજા ભાગો કરતા હયાં ઘણુ સરસ થાયછે.

અનાજ એકઠો કરેછે.—એક ડહાપો માણસ કાંઇબી અનુભવ મેલવ્યા વગર બીજાને બોધ આપે તો તેની અસર બોધ લેનારાપર થાતી નથી.*—ડહાપો માણસ તેને જાણવો કે પોતે બદી કરવાથી દુર રેહે, પણ એવું નહી બને કે તે દુન્યાના લોકોને સારૂ કામ કરવાને બોધ આપી પોતેજ બદી કરે. કાબેલ શખ્સ પોતે પોતાની મોજ સોખમાં ઝપેતાયલો હોયતો તે બીજાને કેવી રીતે તેથી દુર રેહેવાને બોધ આપી શકે? તેના બાપે જવાબ આપ્યો કે એ મારા બેટા તું મગરૂરી ભરેલો રસ્તો અખત્યાર કરી ફકત એખ્યાલી વિચારથી ભાષણ કર્તાના વિચારૂને ભુલનુ તોહોમત મેલી નકામાં ગણેછે (તે અણઘટતું છે) કેમકે તું તારે માટે કાબેલ શિક્ષક સોધી તેની કેલવણીના ફાયદાથી દુર રેહેછે—તે તોઆ એક અપંગ માણસની મિસાલેછે કે જે એક રાતે ચિખલમાં પડી પોકારવા લાગ્યો કે એ મુસલમાંનો મને રસ્તો દેખાડવા માટે ચરાગ લાવો. તે અવાજ એક બેહા ઓરત સાંભલી બોલી કે તું પોતે ચરાગને જોઈ શકતો નથી ત્યારે તું ચરાગથી શું જોઇ શકવાનો છે? ‡ એ ઉપરાંત વાએજ કરવાની મંડલી એક જીનશ વેચનારા વેપારીની દુકાંન જેવી છે કે જહાં પૈસા આપ્યા વગર કશી ચીજ ખરીદાઇ શકાતી નથી—તેમજ જો તું હયાં (વાએજ થાતી હોય તે જગ્યે) તેનો બોધ સાંભલવાનો ઇરાદો કરી નહીં આવે તો તું કાંઇબી ફાયદો હાસલ કરી નહીં શકશે. તું શિખેલા માણસની તકરાર ધ્યાન દેઈ સાંભલ પછી તે તેના કામ સાથ મલતી હોય યા નહીં.

---

* જે કોઇ ઘણોબી કાબેલ હોય પણ જો તેને દુન્યાથી કરેલપણું અખત્યાર ન કરયું હોયતો તે જેકાંઇ બીજાઓને કહી સંભલાવે તે વેર્થ જાયછે.

‡ આ બખાણ પેલા છોકરાને લાગુ પડેછે કે જેને પેલા કાબેલના સખુંનો ખોટાછે એવું બદગુમાન રાખી પોતે પેલા અપંગ મિસાલે અગ્નાની રહયો. માણસ જયારે ગ્નાનનુ કામ પડેછે તે વેળા તેને તલબ કરવા ચાહે તે તદન નકામુછે માટે આગમચથી ગ્નાન મેલવ્યુ હોય તો તે કોઇબી વેળા કામે લાગેછે. હરકોઇ આપણે શિખામણ દેય તે સાંભળવી પછી તેમાં ખરૂ કેટલું ને ખોટું કેટલું તેપર વિચાર કરી ચાલવું તે આપણા હાથમાંછે.

બદગુઓનું આ એક ચોકસ કેહેવુંછે કે સુતેલાને સુતેલા કેવી રીતે જાગરૂત કરી શકે ?* માણસોને. લાયકછે કે કોઈબી વાતની શિખામણ ધરે પછી તે (દફતરમાં લખેલી હોય) યા દેવાલપર.

એક પરહેજગાર માણસ ધર્માતું માણસોની મંડલીનો કોલ તોડી જોગીઓના મથમાંથી મદરેશામાં (શિખવા) આવ્યો.—મેં તેને પુછ્યું કે તું એ પરહેજગાર તથા શિખેલાઓ વગે શું ફરક જોયેકે (ધર્માતુઓની) ટોળી તરક કરી આ ટોળીમાં આવ્યો? તેણે જવાબ આપ્યો કે પરહેજગાર પોતાની કામલને † દરીઆના મોજામાંથી ડુબતી બચાવેછે, પણ શિખેલાઓ બીજા ડુબતાઓને ડુબતા બચાવેછે.

———o———

હેકાયત ૩૮ મી.

એક શખ્સ (દારૂપીઇ) મસ્ત થઇ ધોરી રસ્તાપર સુતેલો હતો, જેના હાથમાં પોતાના અખત્યારની લગામ રેહી ન હતી. એક ભકત તેની બાજુથી ચાલી ગયો, ને તેના હાલપર ધિક્કાર ભરેલી નજર કરી. તે જવાન પોતાનુ સર ખાબમાંથી ઉંચુ કરી બોલ્યો કે—(અરેબીકઃ"જો તુંને કોઇ બેપરવા અથવા અવિચારી પુરૂશ મલેતો તું તેની સાથ મેહેરબાંનીથી ચાલ, અને જ્યારે તું કોઇ પાપીને જોય ત્યારે તેનો ગુનાહ ઢાકી તેનાપર દયા કર.—ઓ તું મારી ખરાબ ચાલને ધિક્કારનારા આકારણ સર તું મારી દયા ખાતો નથી".—ઓ પરહેજગાર તું ગુનેહગારથી તારો ચેહેરો નાં ફેરવ, પણ મેહેરબાની ભરી તેપર તું નજર કર. ‡ તુને

* હરેકોઇ પોતે જાતે અજ્ઞાન હોયતો તે બાજાને સારો માર્ગ હાસલ કરવાનો ઢડો કાહાથી આપી શકે.

†"કામલ," કાલા કામ યાને ગુનાહના કામોનો આ જગ્યે મુકાબલો કરેલોછે. પરહેજગારો ફકત પોતાનાજ ગુનાહની માફી ચાહાવા ખોદાતાલાની બંદગી કરેછે, પણ ભણેલાઓ પોતે નેક રાહ અખત્યાર કરી પોતે તેનો ફાયદો મેલવેછે એટલુંજ નહીં પણ અણજાણાઓને તે રાહપર ચલાવી તેનો ફાયદો આપેછે. યાને એલમની તેજીદાર રોશનીથી દુન્યાઇ રાહ રશમનો અનુભવ કરાવી સારે માર્ગે ચાલતા શિખવેછે.

‡ પરહેજગારે ગુનેહગારોથી પોતાનો ચેહેરો ફેરવવો જોઇતો નથી પણ તેઓની હાલતપર ધિયાન દેઇ તેઓને નેક રસ્તે ચલાવવાની મેહેરબાની ભરેલી નજર કરવી જોઇયે.

મારી ચાલ ગમે તેવી કફોરી દીશે તોબી તું મારાપર જવાન માણસોની મુઆફિક સખાવત ભરેલી મેહેરબાની કર *

હેકાયત ૩૯ મી.

એક ફકીરને કેટલાએક ઊધાઉ લોકો સાથ કજીઓ થયો. તેઓએ તેનો ઇનકાર કરી તાણાજ્નણીના સખુંનો કેહી તેને હલાક કરયો. તે તેનાથી નહી ખમાયુ ત્યારે તેની ફર્યાદ પોતાના ધર્મગુરૂ પાશ જાઇ કેહી, કે મારા પર આવી રીતની હાલત ગુજરીછે. તે પીર બોલયો કે અએ બેટા દરવેશનો પોશાક દુન્યાદારી તરક કરી ખોદાતાલાની ભકતી કરવાનો જબ્મો છે, જેવા ને કોઈ એ પોશાક પેહેરી દુઃખ ખમવાની સબુરી નહીં રાખી શકે તે ધણી એવા પોશાકના ધંધાનો સત્રુ ગણાયછે તથા તેને તે પોશાક પેહેરવો હરામ ઠરેછે.—બોહોલી નદી એક પથરાથી કાળી થાતી નથી (તથા) ધર્માતુ' દુઃખથી ઇજા પાંમેછે તો તે એક છાલકાં પાણીની મિસાલ ઉભાઇ જનારછે. †

અગરજો તુંને નુકસાન પુગેતો તું સબુરી ખમજે કેમકે બીજાઓને મારી બખશવાથી તું પોતે મારી ચાહવામાંથી બચી જાશે.—અએ બીરાદર આપુણે આખેર માટી થઇ જવાનુંછે, ત્યારે તો આપુણે લાજમછે કે માટી

---

* આપુણે હરકોઇની ચાલ કફોરી સરખી લાગે તોપણ તેનાથી દુર રેહવું નહીં, પણ તેની સાથ રેહી તદબીરથી તેની કફોરી ચાલ દુર કરાવાને યતના કરવી લાયક છે.

† એક મોટી નદીમાં જો એક પથરો નાખયો હોય તો તે પથર નદીમાં કશા બીશાદમાં ગણાતો નથી તથા તેથી કંઇ તે કાળી પણ થાતી નથી, તેમજ જો કોઇ ચુસત પરહેજગાર હોય તેને કાંઇ ઘણાબી હલકા સખુંનો કેહેવામાં આવ્યા હોય તો તે તેની દરકાર કરતો નથી પણ મોટા દીલથી દરગુજર કરી જાયછે પણ નામનો પરહેજગારી રાખનારને એકાદબે હલકા સખુંનો કેહેવામાં આવેછે તો તે તપી જાયછે ને પોતાને ખરાબ કરેછે. કોઇ તેમજ કાંઇ થોડો ભણેલો, નબલા મનનો, કોટા વિચારનો પુરૂશ જેમ ખાલી ઘડો છલકાઈ જાયછે તેમ કાંઇ શેજ બોલવામાં ચીરડાઇ જાયછે.

સાથ મલી જાઈય તેનો આગમચ આપણે આ ખાકમાં (આ જીંદગીમાં) ભલા થઈ ચાલવું *

હેકાયત ૪૦ મી.

આએ એક વાત સાંભલો કે બગદાદ† શેહેરમાં એક વખત વાવટાને પરદા સાથ કજીઓ ઉતપન થયો. લશકરની કુચની રંજ તથા રસ્તાના ધુલથી કંટાલેલા વાવટાએ ધિક્કારથી પરદાને કહયુ કે તું ને હું આપણે બંને એકજ ધણીના ચાકર છઈય, તથા સુલતાનની દરબારના આપણે બેઉ બંદા છેઇય. હું ખિદમત કરવાથી એકદમબી આરામી પકડતો નથી, પણ વખત બેવખત સફરમાં જાઉછું. તુંએ કાંઇ રંજ, કે કિલ્લો, કે બીયાબાન, કે પવન, કે ધુલ, કે વંટોલીઆ જોયા નથી. તું ચાંદ સરખી ખુબસુરત નાજનીનો તથા ચંમપેલીના જેવી ખુશબુદાર ઓરતો વચે તારો વખત ગુજારેછે, પણ હુ હલકા સીપાઇઓના હાથમ પડી મુસાફરીએ જાવુંચ, ત્યારે મારો પગ બંદમાં રેહેછે, ને મારૂ માથું પવનમાં ગુમતુ રેહેછે.‡ મારૂં કદમ તારા કરતા કોશેશમાં આગલછે, ત્યારે તારી ઇજત મારા કરતાં વધારે શાની? જયારે વાવટાએ પોતાનુ બોલવું તમામ કર્યું ત્યારે પરદો બોલ્યો કે અએ મારા ભાઈ હું મારૂં સર ઉંબરપર (નીચું) રાખુછું નહી કે તારી મિસાલે આકાશ તલક બુલંદ રાખુંછું.—જો કોઇ બેહદી રીતે પોતાની ગરદન બુલંદ કરેતો તે પોતે સેવટે દુઃખમાં ઉંધે મસતક પડેછે. §

* આખેર આપુણે મરવુંતો ચોકશછે ત્યારે તો આપુણે ઘટારતછે કે આપણે આ દુન્યામાં સઉ સાથ ભલા થઇ ચાલવું.

† "બગદાદ," એક નામીચા શેહેરનું નામ છે.

‡ જયાંરે લશકર કુચ કરેછે તે વેળા વાવટાને લશકરની વચોવચમાં એક સીપાઇ પોતાની કંમરમાં તેની લકડી ખોશેછે, ને ઉપરના ભાગને હવામાં ખોલા રાખેછે જે પવનમાં ફરફર ઉડેછે.

§ કોઇ તકોબરી કરી પોતાને બીજા કરતાં મોટો ગણેછે, તે છેલ્લે અંતે હલાક થાયછે, કેમકે મગરૂરી માણસને ખરાબ કરનારી જેહેરી બલાછે, તે બલાથી દુર રેહે તે ખરો ડહાપણવાલો પુરૂશ ગણાયછે.

હેકાયત ૪૧ મી.

એક પરહેજગારે એક તાલીમબાજને ચારડાએલો તથા ગુસ્સે થયલો દીઠો તથા તેના લબપર ફીન ચઢેલું જોઈ પુછ્યું કે એને શું થયુંછે. કોઈએ તેને જવાબ આપ્યો કે ફલાના શખ્સે એને ગાળ દીધીછે. તે સાંભલી તે બોલ્યો કે જુવો આ જોરાવર કંગાલ શખ્સને કે જે હજાર રતલનો પથર ઉઠાવાને શકિતવાનછે, ત્યારે શું એક સખુંનને ઉઠાવાને યાને સાંખી જવાને શકિતવાન નથી ?—અએ કમજોર કંગાલ તારા લડત તથા દાવપેચ બતાવાના ખોટા બાંહાંને દુર કર (કેમકે તારા જેવા) આવા હલક જીવના માણસ ને ઓરત વચે શું ફરક હોયછે ?—તારૂં જોર તું એવી રીતે બતાવ કે તે જોઇ બીજા તારી વખાણ કરે, નહીં કે તું બીજા માણસના મોહોપર મુકી મારે, તેમાં કાંઈબી હિમતપણું કેહેવાતું નથી. અગરજો તું હાથીની પેસાની તોડવાને શકિતવાન હોય પણ જો તારામાં માણસઈપણું નહીં હોય તો તું માણસ નથી.*—આદમના બચ્ચાં અસીલા ખાકમાંથી બનેલાછે ત્યારે જો તું માણસઈ ધગવતો નહીં હોય તો તું ઇનસાન નથી.—માણસ પોતાના બળથી હરકોઈને જેર કરી શકે પણ જો તેના દેલમાં દયા નહીં હોયતો તેની દલેરી નકામી થોછે.

—o—

હેકાયત ૪૨ મી.

એક બુજોરગ ધર્માતુંને પુછવામાં આવયું કે સુફ્રી લોકોના ભાઈઓની (યાને જાતની) ચાલ ચલણ કેવી રીતનીછે? તેણે જવાબ આપયો કે તેઓની યોગયતા એછે કે તેઓ પોતાના દોસતોની ઇચ્છાને મનજુર રાખવા તેઓ પોતાના કામમાં ગુતાએલા રેહેછે†—(તેપરથી) દાનાવોએ કહેલુંછે કે—જે ભાઇ પોતાના કામને વળગી રેહેછે તે નથી ભાઇ કે નથી સગો.—તારી સાથે મુસાફરી કરનાર સાથી તારા કરતાં આગલ ચાલી જા-

---

* માણસ ગમે તેટલું જોરાવર હોય તે છતાં તેનામાં દયા પણ હોવી જોઈય કેમકે જો કદાચ કોઇ દુરબળ તેને અણજાણમાં કાંઇ વાકું બોલે તેપરથી જો તે તેને મારે તે કરતાં તેના બોલવાપર અખાડા કરે તો તે વધારે સારૂં કેહેવાયછે. અથવા કોઇ નબલાપર આફત આવી પો તે વેળા તેની દયા ખાઇ તેને મદદ કરે તે વધારે લાયકછે.

† સુફ્રી લોકોનો એ કાયદોછે કે ખોદાતાલાની ભકતી વતરોગે બીજી કોઇબી બાબતપર લક્ષ નહી આપે, પણ તેઓ પોતાની બીજી ખાહેશો બર લાવા બીજાઓના કામને પસંદ રાખી તેપર અમલ કરેછે, તે તદન ખોટુંછે.

યતો તે તારો સાથી નથી.*—કોઇ સાથ દેલ બાંધતો ના કેમકે તે તારી સાથ દેલ બાંધેલો નથી.† સગાંઓ વચે પવિત્રાઇ ન હોયતો તેઓ સાથ આપણી મેહેરબાનીનો સંબંધ છોડી દેવો વાજબીછે.—મને યાદછે એક ઉલતા વિચારનો શખ્સ આ મારૂં બોલવું સાંભલી બોલ્યો કે કોરાનમાં મોટા ને બલવંત સાહેબે ફરમાવેલુંછે કે આપણે એક બીજા સાથ મેહેરબાનીનો સંબંધ તોડવો નહી, તથા (વધારે) ફરમાવેલુંછે કે દોસ્તો તેમજ બીજાઓ સાથ મિત્રાચારી રાખવી; પણ જે તું બોલ્યોછે તે ધર્મના કાનુન કાયદાથી ઉલતું છે. હું બોલ્યો કે તુંએ કબુલ કરીછે શબબકે આ કોરાનના કાયદા પ્રમાણેછે (અરેબીકઃ—"ખોદાએ ફરમાવેલું છે કે જો તારા માબાપ તુને પોતાની સાથ હરકોઈ કામમાં ભાગીઓ કરવા. ચાહે પણ જો તું તે કામ નહીં જાણતો હોયતો તું તેઓ સાથ જોડાતો ના.") હજારો સગાવાલાં ખોદાને નહીં પિછાનતાં હોયતો, તેઓને, જે કોઈ પારકો શખ્સ તેને પિછાનતો હોય તેપરથી, ઓવારી નાખવા ભલાછે.

———o———

હેકાયત ૪૩ મી.

બગદાદ શેહેરમાં રેહેનારા એક ખુશદેલ જઇફ મરદે પોતાની બેટીને એક મોચી સાથ પરણાવી. તે સંગદેલ જવાને તે કનીઆના ગાલો એવા તો જોરથી કરડયા કે તેમાંથી લોહી તપકવા લાગુ. સહવારના પોહોરમાં તેણીના બાપે તેણીનો આવો હાલ જોઇ પોતાના જમાઈ પાશ ગયો ને પુછ્યું કે ઓ કંગાલ તું કેવી જાતના દાંતો ધરાવેછે કે-

---

* હરકોઇ આપણી સાથ સંબંધ રાખવા છતાં આપણને મારવા, ખરાબ કરવા, એવી બુરી નેમો રાખે તો તે સાથી નથી મગર પારકોછે.

† કોઇની સાથ આપણું ખરૂ દેલ બાજી રહેલું હોયતો તે સામા ધણીને તપાસવો કે તે આપણી સાથ દેલ બાંધી રેહેશે કે નહી. જો નહીં માલમ પડેતો તેની સાથ ખરી દોશતાનો ગાંઠ બાંધી રાખવો નહી કે જેથી કોઇવાર નાશીપાશ થવું નહી પડે. ખરામા ખરો દોસ્ત તો ખોદાજ છે માટે જો તેનાપર દેલ બાંધવામા આવ્યુ હોયતો તેથી કોઇબી કાલે નાશી પાશી હાંસલ થાશે નહી.

તું એ અનબાનનુ * ચામડું જાણી આવી રીતે ગાલો કરડવા? આએ હું તુંને મજાખમાં કેહેતો નથી પણ એવું કરવાની તારી મજાખ છોડી દેઇ તેણીનાથી તારૂં ખરૂં સુખ મેલવ.—જેનામાં ખરાબ ટેવ પેવશ થઇ હોય તે તેના મરણ સુધી જાતી નથી. †

———o———

હેકાયત ૪૪ મી.

એક વકીલની અતીબદસુરત છોકરી હતી, તે પોતાના ઓરતના જત્રમાં પોહોંચી (યાને પરણવાને લાયકની થઇ) તે જોઇ તેણીના બાપે તેની સાથ જે કોઇ પરણે તેને ગીતમાં મોટી દોલત તથા વાહાણ વટિક આપવા ચાહાયા પણ કોઇ તેણીની સાથ પરણવા ખુશી થયું નહીં.—જેબી કુવારી ઓરત કરૂપી હોય તેણીના તંનપર રેશમી તથા સાતીનનું કપડું (યાને પોશાક) સોભતો નથી. ‡—ટુંકમાં નાચારીએ તેના નેકા એક અપંગ સાથ કરયા.

એવું કેહેવામાં આવેલું છે કે તે વર્ષમાં એક હકીમ સરંદિપથી § તે શેહેરમાં આવયો, જે અપંગોને દેખતા કરતો હતો અથવા અપંગોની આંખોને શારી કરતો હતો. (તે જોઇ) લોકોએ છોકરીના બાપને કહયું

* "અનબાન," એક જાતના સુગંધી ચામડાનું નામછે.

† માણસમાં કોઇબી જાતની ભુડી ટેવ હોયછે તે કશુએ કરવાથી જાતી નથી પણ તે જયારે મરેછે ત્યારેજ જાયછે. આપણામાં કેહેવતછે કે "હાહાડ જાય રૂતે અને આદત જાય મોતે." "ખુઇએ બદ દર તબિયતી કે નેશસ્ત—નરવદ્ જોઝ બે વકતે મરગ અઝ્ દસ્ત.

‡ બદ સુરત ઓરત ગમે તેવો સણગાર કરે પણ તેથી કાંઇ તે ખુબસુરત દીશતી નથી, પણ ખુબસુરત ઓરત વગર સણગારે દીપી નીકલેછે.

§ "સરંદિપ," લંકાં (Ceylon)નો ટાપૂ. એની દારોસલતનત કોલમબો (Colombo) છે. એ ટાપૂ હિંદુસ્તાનની દક્ષિણે આવેલોછે. હયાંના જંગલોમાં શેકારો પુષ્કલ મલી આવેછે, તેમાં ખશુશ કરી હાથ્થીઓ હોયછે. એને ફરી વલેલા દરીઆમાંથી મોતીની સીપો દર સાલ કાહાડવામાં આવેછે. લંકાંના ટાપૂ વિષે હિંદુઓના શાસ્ત્રમાં ઘણા લંબા બયાંનો લખેલાછે, જે આ નાના ગ્રંથમા દાખલ કરી શકતા નથી.

અથવા પુછ્યું કે તું તારા જમાઈની આંખ શા માટે સારી કરાવતો નથી (?) તેણે જવાબ દીધો કે મને ભય લાગેછે કે જો એ આંધલો દેખતો થાશે તો તે પોતાની ઓરતથી છુટા છેડા કરશે.—બદસુરત (ઓરત) નો વર આંધલો રેહેલો ભલોછે. *

———o———

હેકાયત ૪૫ મી.

એક પાદશાહે દરવેશોના ટોળાપર ધિક્કાર ભરેલી નજર કરી અથવા દરવેશોના ટોળાને ધિક્કાર ભરેલો ગણ્યો, તે જોઈ દરવેશોમાંથી એક લાંબોવાર વિચાર કરી બોલ્યો કે અગ્ગે પાદશાહ હમો આ દુન્યાના દોરથી તારા કરતાં મોહોટાઈ યા હાકમાઈમાં કમતર છઈય, મગર જીંદગીના સુખમાં હમો તારા કરતાં બેહેતર છઈય. † મરણની વેળા હમો તારી બરાબર થાહશુ તથા કેયામતને વખતે હમારી હાલત તારા કરતાં વધારે લાયક ગણાશે. ‡—જો કે મુલક જીતનાર શાહ પુરતો રાતનો કાબુ ભોગવેછે, તે વેળા એક દરવેશ ટુકરો રોટલી માટે બાહેજમંદ રહેછે, પણ જે વેળા તે બેઉ જના મરણ પામશે ત્યારે તેઓ પોતાની સાથે ફકત કફન વતરીગે બીજુ કાંઈ લેઈ જનાર નથી.§—જે વેળા આ દુન્યાથી

* "સુઈ—અંને જોરૂત રૂઈ નાબીના બેહ."

† પેલો દરવેશ કહેછે કે હમો ખોદાતાલાની બંદગી કરી, ટુકરો નાન ખાઈ, તેની સોકર ગુજારી કરી, જીવથી આનંદ છઈય, મગર તું દીનોરાત રાજપાતની સંભાલમાં રહી બેચેનછે.

‡ દરવેશોને એવી એક અજબ જરખી ઉમેદછે કે જો આ દુન્યામાં દરવેશી કરશું તો તેનો બદલો રસતાખેજને વખતે ઘણો સારો મલશે—યાને પાદશાહોના જેવી બુલંદી તથા મોહોટાઈ મલશે.

§ માણસો આ ફાની જગમાં તરેહવાર મુકતાથી પૈસા એકઠા કરેછે ને બીજા ગરીબો કરતાં પોતાની તવંગરીની સરસાઈ બતાવેછે, પણ જ્યારે શું ગરીબ કે શું તવંગર મરણ પામેછે તે વેળા બેઉનો હાલ એક સરખો થાયછે, યાને બેઉ જના ખાડામાં આખેરશ મલી જાયછે. તથા તેઓને ઓઢવા ફકત એક હલકું કફન શિવાય બીજુ કાંઈબી સાથે લેઈ જવાને મલતું નથી.

કુચનો સરંજામ બાંધવામાં આવશે તે પ્રસંગે પાદશાહ કરતાં દરવેશની હાલત સારી ગણશે.*—દરવેશ ચિંગરાના પોશાકમાં તથા બોરે માથેનો માલમ પડેછે, તોપણ ખરી રીતે જોતાં તેનું જીગર જીવતુંછે તથા તેનો હાથ તુંટેલોછે.†—તે શખ્સ (યાને દરવેશ) નથી કે જે દુન્યાના લોકોની સામે દાવો કરી બેસે—તથા તેઓ તેને ખીજવે (તે લોક તેઓની સાથ) જંગ કરવા યાને કજીઓ કરવા ઉઠે (તે દરવેશ નથી,) ‡ અગર પાહાડપરથી ઘટીનો પથર ગબડી પડે તેની નીચેથી ઉઠી જનાર ખરો પરહેજગાર નથી. §

દરવેશને અમલ બજાવવાની ફરજ એછે જે, ખોદાતાલાની યાદ તથા તેની પ્રાર્થના કરે, તેને તાબેદાર રહે તથા તેને અરાધે—બીજાઓને (પોતાના માલમાંથી) બખશેશ કરે, સંતોષ ધરી ખોદાના કામોને માને, તેનાપર આધાર રાખે તથા સબુરીથી તેની ભકતી કરે. જો કોઇ આવા ગુણો ધરાવતો હોય તે જો એકબારગી (જલેદાર) પોશાક પેહેરે (તોબી તે સુરત દરવેશછે.) નહીં કે એથી ઉલટી રીતે એટો બકબકારો કરનાર આલસુ પોતાની બંદગી નહીંકરે તથા પોતાના હવસનો ગોલામ થઇ રેહી,

* જ્યારે પાદશાહ મરણ પાંમેછે તે વેળા તેનો જીવ મોરાઇ તથા માલ ખજાનો છોડી જવા બહુ કચવાયછે, મગર દરવેશ મરણ પાંમેછે ત્યારે તેનું રવાન ખુશી થાયછે કે હવે બેહેસ્તમાં જવસ.

† દરવેશ હાલ હવાલ જેવો માલમ પડેછે મગર તે પોતાના દેલથી ખરી પાકીજે રાખી શકેછે.

‡ દરવેશ એવો હોવો જોઇએ કે કોઇપાશ કાંઇબી માંગવાનો દાવો રાખે નહીં, તથા કોઇ તેને હેરાન કરે તો તેની સાથ કજીઓ કંકાશ કરવા મશગુલ નહીં થાય—નહીં કે એથી ઉલટું કરી દરવેશમાં નામ ખપાવા માગે એ તદન અણઘટતુંછે.

§ ખોદાતાલાને ખરેખરો પિછાનનારાના દેલપર એકબારગી પથર વટીક ગબડી પડે તોપણ તે તેની નીચેથી ખસતો નથી પણ જાહાંનો તાંહાં બેઠેલો રહેછે—મતલબ એકે જે કોઇ ખોદાને ખરી રીતે પિછાનતો હોય તેનાપર હરગીજ કશી વાતની પીડા આવી પડી નથી અથવા સુરત પરહેજગાર હરકોઇ ફરેબ દેનારાથી ફરેબ ખાઇ પોતે અખત્યાર કરેલો માર્ગ તજતો નથી. અથવા જે વેળા પીડા આવી પડે તે વેળા ડરી ખાય, તથા ફરેબી લોકોના સમજવાથી ફરેબ ખાય તે પરહેજગાર નથી.

દાહાડાને રાત કરી (ખરાબ) મોજસોખમાં ગુજારે; તથા રાત ને દિવસ કરી જુફતો રેહે, તેમજ જે પોતાને મલી આવે તે ખાએ, તથા જે કાંઈ બોલવામાં આવે તે બોલી દેય, તે જો કે કાલી કામલ (યાને થિંગરાનો પોશાક) પેહેરતો હોય તોબી તે ધુતારોછે.

એ (શખ્સ) તારૂં દલ અંદરથી ધર્મ સંબંધી પવિત્રાઈ માટે ખાલીછે ત્યારે તો તારો બાહેરનો (થિંગરાનો પવિત્રાઈ બતાવનારો) પોશાક ધુતારા સરખોછે. *—ઓ રેહેનાર તારા ઘરના દરવાજાપરથી હફતરંગી † પરદો દુર કર શબબકે જે ઘરમાં તું રેહેછે તે ઘર જાવલીનુ બનાવેલુંછે. ‡

———o———

હેકાયત ૪૬ મી.

મેં એક કલસપર § ઘાસને કેટલાએક તાજાં ગોલાબના (ફુલના)

---

* જે ધણી પવિત્રાઈ બતાવનારો પોશાક પેહેરી બાહેરથી એવો દેખાવ કરે કે જાણે પોતે ઘણો પવિત્રછે, પણ એવો ઢોંગ કરનાર સાધુના પોશાકમાં ધુતારો, ચોર, લુટારો ઇત્યાદિછે.

† "હફતરંગી," "હફત," સાત, ને "રંગી," રંગ યાને સાત રંગ જેમ કે કાળો, પીળો, લીલો, આશમાની, કિરમજી, બાસુરી અને લાલ- એને મલતો સાત રંગનો શબ્દ "Vibgyor" જેનો દર એક પેહેલે અક્ષર એકકા રંગનું નામ બતાવેછે જેમકે:—V. violet. I. indigo. B. blue. G. green. Y. yellow. O. orange. & R. red. હફતરંગનો મુકાબલો આ જગ્ય, ઠગાઈ ભરેલો, કાવાદાવ ભરેલો અથવ દગાખોરનો કરેલોછે. Artful, subtle.

‡ આ જગ્ય "જાવલીનું ઘર" તે હરકોઇ અપવિત્ર દરવેશ જાણવો, તથા "હફતરંગી પરદો" તે તેનો થિંગરાનો જાડો પોશાક ર મજવો. એટલેજે કોઈબી દરવેશ પોતાના દેલથી નાપાક રહી લોકો ઠગાવા ખાતર હલકી જાતનો પોશાક પેહેરે તેને ધુતારો, ઠગારો તથ લુચ્ચો સમજવો, અથવા એમબી લેવો કે એક ઘર ભાગી તુંટી પડ હાલતમાં હોય તેને રંગ દેઈ ભભકાદાર કરવું તે ગોઆ કોઇ રેહેના અથના ખરીદ કરનારાના દેલને ખોટી રીતે લલચાવી તેને ઠગવા સરખું

§ "કલસ." Dome. ગુંબજ.

તોરા * સાથ બાંધેલું જોઈ હું બોલ્યો કે એ શું છે કે આ નાચીજ ઘાસ ફુલોના સંપમાં આમેજ થયું છે? (તે સાંભલી) ઘાસ રોઇ બોલ્યું કે ચુપ રેહે, તે બખશેશ કરનાર સાહેબ પોતાના સાથીને વીસરી જાતો નથી. †—જો કે મને કાંઇબી ખુબસુરતી, કે વાસ, કે રંગ નથી, તોપણ શું હું ખોદાતાલાના બાગનું ઘાસ નથી? ‡—હું તે સખી સાહેબનો બંદો છેઉ ને તેના કદીમ નેયામતથી પલાઓ જાઉંછું.—જો કે હું ખુબીદાર છેઉ યા બેખુબીદાર (છેઉ) તોબી હું તે દાદારની દયા અથવા મેહેરબાનીનો ઉમેદવાર છેઉં. §—જોકે હું મારી પોતાની કાંઇબી કિંમત ધરાવતો નથી તથા તેની તાબેદારી કરવાની તાકાત રાખતો નથી તથા બીજા બધાઓ-થી બચાવ વગર નાચાર છેઉ તોપણ રબ પોતાના ચાકરને બચાવાને શકિતવાનછે.—આ એક તરીકોછે કે ધણીઓ પોતાના જઇફ ગોલામોને છોડી દેયછે.—અએ દુન્યાને આરાસતે કરનાર સાહેબ તારા જઇફ ચાકર પર મેહેરબાની કર.

ઓ સાઅદી તું કાબા તરફ જવાનો રસ્તો ધર યાને તું ખોદા તાલાની રાહ સોધતો રેહે—તેમજ ઓ સાહેબને પિછાનનારા શખ્સ તુંબી તેની રાહાનો યાને બંદગીનો રસ્તો સોધ.—બદબખ્ત તે હશે કે જે પોતા-નું સર તેના દરવાજા પાશથી ફેરવશે, કેમકે તેના દરવાજા જેવો બીજો તેને સોધી કાહાડવો મુસકેલછે. ‖

---

* "તોરા," Nosegays. "દરતેહ"

† ખોદાતાલા જે મિસાલે તવંગરને ચાહેછે તેમજ ગરીબને પણ ચાહેછે, કારણ કે તેની હજુર તવંગર ને ગરીબ એક સરખાંછે.

‡ દુન્યામાં જે જે ચીજો આપણે જોઇય છઇય તેનો પરતાવનાર ખોદા વતરોગે બીજું કોઇ નથી, તેમજ ઘાસને પણ પેદા કરનાર તે વગર બીજો કોઇ નથી.

§ ઘાસ નાચીજછે તોપણ તે પોતાના દેલમાં ઇચ્છા રાખી ખોદા પાશ દુવા પોકારી તેનાથી પોતાની હાજત હાસલ કરેછે.

‖ જે કોઈ બેવકુફ હશે તે તેની બંદગી કરવાથી તથા પવિત્રાઇ રાખવાથી દુર રેહેશે. આ જગના ભવમાં તેની બંદગી જેવું ઉત્તમ કામ બીજુ કાંઇએ નથી.

હેકાયત ૪૭ મી.

એક હકીમને પુછવામાં આવ્યું કે સખાવત તથા બાહાદુરી એ બેઉમાંથી કીયું વધારે લાયક (કામ)છે? તેને જવાબ આપ્યો કે જેની પાશે સખાવત (નુ બલછે) તેને બાહાદુરીની કસી જરૂર નથી. આ લેખ બેહેરામગોરની કબરપર * લખેલો હતો:—બાજુના કઉવત કરતાં કર્મબખશેશનો હાથ વધારે સારો ગણાયછે.

હાતમ તએ † જોકે જીવતો નથી તોપણ તેનું સખાવત ભરેલું નામ ચંદરોકાલ સુધી જીવતું છે.–તારા માલમાંથી સખાવતકર કેમકે બાગબાન દરાખના વેલામાંથી નકામી દાખરીઓને કાપી કાહાડેછે જેથી દ્રક્ષ વધારે ઉગેછે, તેમ તારો માલ જીઆદા થાશે. ‡

---

* "કબર," એ શબ્દ જે કાંઇ અસલ ફારસીમાં લખેલોછે તે તદન ગલતછે, કેમકે કેયાંનીઓ જે વેળા મરણ પાંમતા હતા તે વેળા તેમની ઘોર કે કબર કરવામાં મુદલ આવતી નહીં હતી, મગર તેમને માટે પાહાડપર એલાએદી રાખેલી ખોલ્લી જગયા ત્યાં તેઓની લાશોને મેલતા હતા, તે રેવાજ આજ પણ ચાલુછે મગર તેમાં સુધારો થઇ દોખમાં બાંધવામાં આવયાછે, જે પણ ઉપરથી ખોલ્લા હોયછે, જેમાં લાશોને મેલવામાં આવેછે. એવા દોખમાઓ ઉંચા પાહાડોપર બાંધવામાં આવેલાછે.

† "હાતમ તએ," એ એક અરબી વજુદ માણસનું નામછે. તે સખાવત કરવામાં તથા લોકોના દુઃખો ટાલવામા નામાંચો ને મશહુર થઇ ગયોછે. તેની બોહોલી સખાવતને લીધે તેનું નામ આજ તુલીક દુન્યામાં અમર રહી ગયુંછે.

‡ દરાખના વેલામાં ઉગતી નકામી દાળીઓને માલી કાપી કાહાડેછે. કે જેથી બોલાશથી દરાખ વધારે ઉગે, તેમજ હરકોઇ માલ ખજાંનો ધરાવનાર પોતાના માલ ખજાંનામાંથી બખશેશ કરેતો, બખશેશ લેનારાઓની ભલી દુવાથી તેનો માલ ખજાંનો જીઆદા થાય. સખાવત કરવી સારીછે, પણ જે ભાયગસાલી હોયછે તેજ સખાવત કરેછે.

બાબ બીજો તમામ થયો.

મીતલાવપર "વર્તમાન પ્રેસ",
૧૨ હોરામજી જમશેદજી બુકશેલરની
. દુકાનેથી મલશે. કિંમત રૂ૦ાા

૦)– વધુ વાળવો. ગુજસ્તાન કેતાબનો
: ચોપડીઓ પણ ઉપલે ઠેકાણેથી મલશે:–

૭૦ (ગીતમાં)...........	રૂ૧)	
ં (નાટક)...............	રૂ૦ાા	
(ગીતમાં)...........	રૂ૦ાા	
(ખીબારતમાં)...........	રૂ૦ાા	

બંધ લેનારાઓને શેંકડે ૨૫) ટકા કમીશન આપવામાં આવે

સ્તાન કેતાબનો **ત્રીજો ભાગ** થોડા વખતમાં જલદીથી બાહેર
ાટ જેઓને આગમચથી ગ્રાહક થવું હોય તેઓએ પોતાના નામો ઉપલે ઠેકાણે
ા આપવાં.

. નાટક ગાયન સંગ્રહ.

ઉપલાં પુસ્તકમાં મુંબઇમાંની લગભગ બેએ ડજન નાટક મંડલીઓ જેવીકે વીક્ટોરીઆ, જોરાસટરીઅન, આલફરેડ, પારસી આપેરા, જુની પારસી નાટક, જેંટલમેન 'મેચ્યુરસ, વીગેરે–ટોલીઓમાં ગવાયલાં ગાયનો, જે કે આપણી ટાપુના પરોપ તકરી અને શોહેરો જેવાકે મનસુખ, બંદેખોદા, રૂસ્તમ ઇરાની, બાબુલી સી૦ ન૦ દો૦ આપએખલીઆર, કવી દલપતરાંમ ડાહેઆભાઇ, તથા કવી નરમ લાલસંકર, વીગેરેની કલમથી જોડાયલાંછે તેવાં સંઘાં મનોરંજક, દીલપસંદ, ગાવા લાયક ગાયનોનો મોટો સંગરહ સમાવેલોછે. એમાં અસલથી ગવાતાં ? શંધલાં મલી સાતશો ગાયણોછે અને એવો સંઘો સંગરહ આજસુધી મુદલ બ્રા પાયલો નથી.

કીંમત—સુનેરી ગીલીટના **રૂ૧ાા**–સાદી બાંધનીનો **રૂ૧ાા**–પોશટ૦

ઠેકાણાં કોટમાં જામે જમશેદ છાપાખાનું, ચીખીતલાવપર મુંબઇ વરત છાપાખાનું અને અતરેના દરેક બુક શેલરોને તાંહાંથી તથા સુરતમાં—ના રીડીંગ રૂમમાંથી તથા મનચેરજી જમશેદજી પોલસવાલા પાસેથી, તથા ગુજરાત ક હાર્મોનીયમાંથી મલશે.